


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 177
Dt.: 03-05-2026,
Sunday
Page:04
Rs.00.50 paisa


### ઈરાનના સશસ્ત્ર દળોએ ચેતવણી આપી

# અમેરિકા અને ઈઝરાયેલ સાથેનું યુદ્ધ ગમે ત્યારે ફરી શરૂ થઈ શકે : ઈરાન

### ઈરાનના સૈન્ય મુખ્યાલયના ડેપ્યુટી અસદીએ જણાવ્યું કે, અમેરિકી અધિકારીઓના હાલના નિર્ણયો પરથી સાબિત થાય છે કે, તેઓ રાજદ્વારી સમજૂતીઓ પ્રત્યે ગંભીર નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો તણાવ સતત વધી રહ્યો છે. ઈરાનના સશસ્ત્ર દળોએ ચેતવણી આપી છે કે અમેરિકા અને ઈઝરાયેલ સાથેનું યુદ્ધ ગમે ત્યારે ફરી શરૂ થઈ શકે છે. ઈરાનનો આરોપ છે કે, વોશિંગ્ટન કોઈપણ કરાર કે સંધિઓનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યું છે.

ઈરાનના સૈન્ય મુખ્યાલયના ડેપ્યુટી મોહમ્મદ જાફર અસદીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમેરિકી અધિકારીઓના હાલના નિર્ણયો પરથી સાબિત થાય છે કે, તેઓ રાજદ્વારી સમજૂતીઓ પ્રત્યે ગંભીર નથી.

અસદીએ અમેરિકા પર આક્ષેપ કરતા કહ્યું કે, "અમેરિકાના નિવેદનો માત્ર મીડિયા દ્વારા સંચાલિત છે. તેમનો હેતુ તેલના ભાવ ઘટતા અટકાવવાનો અને પોતે ઉભી કરેલી મુશ્કેલીઓમાંથી બહાર નીકળવાનો છે. અમારી સેના કોઈપણ નવી મૂર્ખામીનો જવાબ આપવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન દ્વારા વાટાઘાટો માટે મોકલવામાં આવેલ નવો પ્રસ્તાવ ફગાવી દીધો છે. ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું હતું કે, "તેઓ કરાર કરવા માંગે છે, પરંતુ તેઓ એવી છૂટછાટો માંગી રહ્યા છે જે મને મંજૂર નથી. હું આ પ્રસ્તાવથી સંતુષ્ટ નથી." ટ્રમ્પે ઈરાની નેતૃત્વ પર કટાક્ષ કરતા ઉમેર્યું કે, ત્યાંનું નેતૃત્વ વિખેરાયેલું છે અને બે-ત્રણ જૂથોમાં વહેંચાયેલું છે. એક જાહેર કાર્યક્રમ દરમિયાન ટ્રમ્પે ઈરાન સાથેના સંઘર્ષનું કારણ સ્પષ્ટ કરતા કહ્યું કે, "આપણે પાગલ લોકોના હાથમાં પરમાણુ હથિયારો ન જવા દઈ શકીએ. આપણે આ યુદ્ધમાં એટલા માટે છીએ કારણ કે પરમાણુ સુરક્ષા સર્વોપરી છે."

ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પ એક તરફ યુદ્ધ સમાપ્ત થયાનો દાવો કરે છે, તો બીજી તરફ ક્રૂડ અને પરમાણુ સુરક્ષાના નામે સૈન્ય ગતિવિધિઓ ચાલુ રાખવાની વાત કરે છે. 'વોર પાવર્સ રિઝોલ્યુશન' (જે મુજબ ૬૦ દિવસમાં સંસદની મંજૂરી લેવી પડે છે) ને ટ્રમ્પે ગેરબંધારણીય ગણાવ્યું છે. આ દરમિયાન અમેરિકી સેનેટમાં યુદ્ધ રોકવાના ડેમોક્રેટ્સના તમામ પ્રયાસો અત્યાર સુધી નિષ્ફળ રહ્યા છે.

### પર્યવેક્ષક પર TMCને ઝટકો

## ચૂંટણી પંચને અધિકારી પસંદ કરવાનો અધિકાર: સુપ્રીમ કોર્ટ



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીની મતગણનામાં કેન્દ્રીય અને પીએસયુ કર્મચારીઓને સુપરવાઈઝર બનાવવાના મુદ્દા પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (AITC) ની અરજી પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે હાલ કોઈ અલગ આદેશ દેવાનો ઈનકાર કરી દીધો છે અને ચૂંટણી પંચના આશ્વાસનને રેકોર્ડમાં લેતા આ મામલાનું નિરાકરણ કર્યું છે. આ અરજી કલકત્તા હાઈકોર્ટના તે આદેશ વિરુદ્ધ દાખલ કરવામાં આવી હતી, જેમાં AITC ની અપીલ નકારી દેવામાં આવી હતી. પાર્ટીએ મતગણતરીમાં માત્ર કેન્દ્રીય અને પીએસયુ કર્મચારીઓને સુપરવાઈઝર બનાવવાના નિર્ણયને પડકાર ફેંક્યો હતો. સુપ્રીમ કોર્ટની વિશેષ બેંચમાં જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને જસ્ટિસ જોયમાલ્સ બાગચીએ મામલાની સુનાવણી કરી હતી. AITC તરફથી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે પોતાનો પક્ષ રાખ્યો હતો.

કપિલ સિબ્બલે કહ્યુ- ૧૩ એપ્રિલનો સર્કુલર છે, પરંતુ અમને ૨૯એ તેની જાણકારી મળી. તેમણે કહ્યું કે આ ચોંકાવનારી વાત છે કે ચૂંટણી પંચને દરેક સીટ પર ગડબડીની આશંકા લાગે છે અને પંચ આ રીતે મનમાની ન કરી શકે. સિબ્બલે કોર્ટમાં સર્કુલર પણ વાંચીને સંભળાવ્યો હતો. જસ્ટિસ પી.એસ. નરસિમ્હાએ કહ્યુ કે ચૂંટણી પંચનું ડ્યુટી પર લાગેલા દરેક કર્મચારી પર નિયંત્રણ હોય છે, તેવામાં તે ફર્ક પડતો નથી કે તે કેન્દ્રના છે કે રાજ્યના. જસ્ટિસ જોયમાલ્ય બાગચીએ કહ્યુ કે દરેક કાઉન્ટિંગ સેન્ટરમાં પાર્ટીના એજન્ટ પણ હાજર રહેશે. જસ્ટિસ બાગચીએ કહ્યુ કે ચૂંટણી પંચને તે અધિકાર છે કે તે કેન્દ્ર કે રાજ્યના અધિકારીઓમાંથી કાઉન્ટિંગ સુપરવાઈઝ અને કાઉન્ટિંગ આસિસ્ટન્ટ પસંદ કર્યા, તે માટે પંચને ખોટું ઠેરવી શકાય નહીં. તેમણે તે પણ કહ્યું કે સર્કુલરમાં તે નથી લખ્યું કે માત્ર કેન્દ્રના કર્મચારી હશે, પરંતુ જો તેવું લખેલું હોય તો તેને ખોટું ન કહી શકાય.

જસ્ટિસ જોયમાલ્ય બાગચીએ કહ્યું કે કોઈ કાઉન્ટિંગ અધિકારીએ કેન્દ્ર સરકારના કર્મચારીઓ ગણાવતા વધુ ફર્ક પડતો નથી, કારણ કે આ નિર્ણય ચૂંટણી પંચની સંતુષ્ટિ પર આધારિત હોય છે. તેમણે તે પણ કહ્યું કે મતગણના દરમિયાન પાર્ટી દ્વારા નિમણૂંક એજન્ટ પણ હાજર રહે છે. કોર્ટે કહ્યું કે વર્તમાન વ્યવસ્થામાં એક માઈક્રો-ઓબ્ઝર્વર હોય છે, જે કેન્દ્ર સરકારનો અધિકારી હોય છે, આ સિવાય કાઉન્ટિંગ સુપરવાઈઝર અને આસિસ્ટન્ટ પણ રહે છે. કોર્ટે મૌખિત રૂપથી કહ્યું કે માત્ર તે આધાર પર કે એક શ્રેણીના અધિકારી કેન્દ્ર સરકારના છે, નોટિફિકેશનને નિયમોની વિરુદ્ધ ઠેરવવું મુશ્કેલ હશે. જસ્ટિસ પીએસ નરસિહ્માએ પ્રમાણસર પ્રતિનિધિત્વના તર્ક પર સવાલ ઉઠાવતા કહ્યું કે કાઉન્ટિંગ કર્મી અંતે સરકારી કર્મચારી હોય છે. તેના પર કપિલ સિબ્બલે કહ્યુ કે અસલી મુદ્દો છે કે સર્કુલરમાં જોગવાઈ હોવા છતાં રાજ્ય સરકારના કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવી નહીં.

જસ્ટિસ જોયમાલ્ય બાગચીએ કહ્યું કે અરજીકર્તાનું વલણ વિરોધાભાસી છે, કારણ કે તે એક તરફ સર્કુલરને પડકારી રહ્યું છે અને બીજીતરફ તેને લાગૂ કરવાની માંગ પણ કરી રહ્યાં છે. તેના પર સિબ્બલે કહ્યુ કે ચૂંટણી પંચે પોતાના સર્કુલર પ્રમાણે કામ કરવું જોઈએ અને રાજ્ય સરકારના કર્મચારીઓની પણ નિમણૂંક કરવી જોઈએ.

ચૂંટણી પંચ તરફથી વકીલ ડી.એસ. નાયડૂએ કહ્યુ કે AITC આશંકા ખોટી છે અને પંચ સંપૂર્ણ રીતે નિયમો પ્રમાણે કામ કરી રહ્યું છે. તેમણે જણાવ્યું કે રિટર્નિંગ અધિકારી, જે કર્મચારીઓની નિમણૂંક કરે છે, તે રાજ્ય સરકારના અધિકારી હોય છે.

### યુદ્ધ દરમિયાન અમેરિકા-ઈઝરાયલે ઝીંક્યા હતા

## ઈરાનમાં જીવતો બોમ્બ ફાટતાં ૧૪ સૈનિકોના મોત

### ઈરાનના નેતૃત્વમાં ભારે વિખવાદ છે અને ત્યાં ૩ થી ૪ અલગ-અલગ જૂથો છે જે અલગ-અલગ દિશામાં ખેંચાઈ રહ્યા છે : ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી શાંતિ વાટાઘાટો વચ્ચે ઈરાનના ઉત્તર-પશ્ચિમ હિસ્સામાં એક ભયાનક દુર્ઘટના ઘટી છે. 'ઓર્ડનન્સ ક્લિયરન્સ' એટલે કે જીવંત બોમ્બ અને દારૂગોળાને હટાવવાના મિશન દરમિયાન થયેલા વિસ્ફોટમાં ઈરાની સેના IRGC (ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ) ના 14 જવાનોના મોત નીપજ્યા છે.ઈરાનના ઉત્તર-પશ્ચિમમાં આવેલા જંજાન પ્રાંતમાં આ અકસ્માત સર્જાયો હતો. IRGC ની એક ટીમ ખેતીની જમીન પર વિખરાયેલા ન ફાટેલા બોમ્બ અને દારૂગોળો હટાવવાનું કામ કરી રહી હતી. આ દરમિયાન અચાનક એક વિસ્ફોટ થતા 14 જવાનોના મોત થયા અને 2 જવાનો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. રિપોર્ટ અનુસાર, આ વિસ્તારમાં અંદાજે 1200 હેક્ટર ખેતીની જમીન પર આવા જોખમી જીવંત બોમ્બ ફેલાયેલા છે. દુર્ઘટના વચ્ચે IRGC એ અમેરિકા સામે આકરા પ્રહાર કરતા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે. તેમણે આરોપ લગાવ્યો કે ટ્રમ્પ પ્રશાસન હવે 'દુનિયાની ઊર્જા કાબૂમાં રાખવા' ને બદલે 'બાધા નાખવાની' નીતિ પર ઉતરી આવ્યું છે. હોર્મુઝની ખાડીની નાકાબંધીનો હેતુ ચીન, રશિયા અને યુરોપને રોકવાનો છે, જે યોજના 20 દિવસમાં જ નિષ્ફળ ગઈ હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે.બીજી તરફ, વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર સ્પષ્ટ કર્યું છે કે તેઓ ઈરાનના નવા શાંતિ પ્રસ્તાવથી સંતુષ્ટ નથી. ટ્રમ્પે દાવો કર્યો કે ઈરાનના નેતૃત્વમાં ભારે વિખવાદ છે અને ત્યાં 3 થી 4 અલગ-અલગ જૂથો છે જે અલગ-અલગ દિશામાં ખેંચાઈ રહ્યા છે, જેના કારણે સમજૂતીમાં મુશ્કેલી પડી રહી છે. જોકે ટ્રમ્પે સ્વીકાર્યું કે ઈરાનના તમામ જૂથો કોઈને કોઈ પ્રકારની સમજૂતી ઈચ્છે છે, પણ હાલની સ્થિતિ જોતા શાંતિની રાહ હજુ પણ ઘણી મુશ્કેલ જણાય છે.

### સેબીએ એક સ્ટાન્ડર્ડ ડિસ્ક્લેમર પણ લાગુ કર્યું

## સેબીએ લાગુ કરી દીધા નવા નિયમ, હવે ફંડ લોન્ચ કરવું ઝડપી અને સરળ બનશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના બજારનિયામક Securities and Exchange Board of Indiaએ અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સ માટે નવું ફાસ્ટ-ટ્રેક મિકેનિજમ લાગુ કર્યું છે. તેનો ઉદ્દેશ PPM પ્રોસેસને ઝડપી બનાવવી અને ફંડ લોન્ચિંગ સરળ બનાવવાનો છે. નવા નિયમ હેઠળ જો સેબી તરફથી કોઈ વાંધો ન આવે તો AIF ફંડ ૩૦ દિવસ બાદ તેમની નવી સ્કીમ લોન્ચ કરી શકે છે અને રોકાણકારોને PPM મોકલી શકે છે. પહેલા આ પ્રક્રિયામાં વધારે સમય લાગતો હતો, કારણ કે આમાં ઘણીવાર તપાસ અને સુધારો કરવો પડતો હતો. પહેલીવાર લોન્ચ થનારી સ્કીમ માટે સેબીએ કહ્યું છે કે, ફંડને રજિસ્ટ્રેશન મળવાના અથવા ૩૦ દિસ પૂરા થયા બાદ જ આગળ વધવું પડશે. જો આ દરમિયાન કોઈ ટિપ્પણી આવે છે, તો તેને સામેલ કરવી જરૂરી હશે. સેબીએ ભંડોળ એકત્ર કરવા માટે સમયમર્યાદા પણ નક્કી કરી છે. AIFsએ ૧૨ મહિનાની અંદર તેમની યોજનાઓના પ્રથમ ક્લોઝની જાહેરાત કરવી આવશ્યક છે. નવા નિયમો હેઠળ, મર્ચન્ટ બેંકર અને AIF મેનેજર સચોટ અને સંપૂર્ણ માહિતી પ્રદાન કરવા માટે જવાબદાર રહેશે. AIFs એ ડ્યુ ડિલિજન્સ પ્રમાણપત્ર, યોગ્ય અને યોગ્ય ઘોષણા, પ્રાયોજક પ્રતિબદ્ધતાઓ અને મુખ્ય વ્યક્તિઓના ઓળખ દસ્તાવેજો સબમિટ કરવાની જરૂર પડશે. સેબીએ એક સ્ટાન્ડર્ડ ડિસ્ક્લેમર પણ લાગુ કર્યું છે. આમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, PPM ફાઈલ કરવીકોઈ પ્રકારની મંજૂરી નથી અને જાણકારીની જવાબદારી ફંડ મેનેજર અને મર્ચેન્ટ બેંકરની હશે. આ સર્ફ્યુલર તરત લાગુ થઈ ગયું છે અને લંબિત અરજીઓ પર પણ લાગુ થશે. ઈન્ડસ્ટ્રીના લોકોએ આ નિર્ણયનું સ્વાગત કર્યું છે.

## ટેક્સાસમાં ભયાનક વિમાન દુર્ઘટના: ખેલાડીઓને લઈ જતું પ્લેન તૂટી પડ્યું, ૫ લોકોના કરુણ મોત



(સંપૂર્ણ સમાચાર સેવા)ટેક્સાસ

અમેરિકાના ટેક્સાસ રાજ્યના હિલ કન્ટ્રી વિસ્તારમાં એક નાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં તેમાં સવાર તમામ પાંચ લોકોના મોત નીપજ્યા છે. આ વિમાનમાં સવાર તમામ મુસાફરો ખેલાડીઓ હતા, જેઓ એક ટૂર્નામેન્ટમાં ભાગ લેવા જઈ રહ્યા હતા.ટેક્સાસ ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક સેફ્ટીના જણાવ્યા અનુસાર, આ અકસ્માત ગુરુવારે રાત્રે આશરે ૧૧ વાગ્યે વિમ્બરલી શહેર પાસે સર્જાયો હતો. આ સ્થળ ઓસ્ટિનથી લગભગ ૬૫ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમમાં આવેલું છે. વિમાન ઝાડ સાથે અથડાઈને તૂટી પડ્યું હતું.અકસ્માતમાં પાયલટ અને અન્ય ચાર મુસાફરોના ઘટનાસ્થળે જ મોત થયા છે. સત્તાવાર રીતે હજુ નામો જાહેર કરવામાં આવ્યા નથી, પરંતુ અમરિલો પિકલબોલ કલબ દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે કે મૃતકો તેમના ક્લબના સભ્યો હતા. તેઓ તમામ પિકલબોલ ખેલાડીઓ હતા. તેઓ એક સ્પોર્ટ્સ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે જઈ રહ્યા હતા.




## પુણેમાં પિકનિક મનાવતા ૩ મિત્રો ડેમમાં ડૂબી જતાં કરુણાંતિકા

(સંપૂર્ણ સમાચાર સેવા)પુણે

મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં પિકનિક મનાવવા ગયેલા મિત્રોની ખુશી ક્ષણભરમાં માતમમાં ફેરવાઈ ગઈ હતી. માવલ તાલુકાના નવલખ ઉમ્બ્રે ગામ પાસે આવેલા જાદવવાડી ડેમ પર શુક્રવારે બપોરે સેલ્ફી લેતી વખતે ત્રણ યુવાનોના ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યા છે.

આ ઘટના શુક્રવારે બપોરે આશરે ૩:૦૦ વાગ્યે જાદવવાડી ડેમ પર બની હતી. પુણેના ભોસારી વિસ્તારમાંથી છ મિત્રોનું એક જૂથ પિકનિક મનાવવા માટે અહીં આવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, જૂથના ચાર સભ્યો ઘૂંટણ સુધીના પાણીમાં ઉભા રહીને એકબીજાના ગળે હાથ નાખીને સેલ્ફી લઈ રહ્યા હતા. સેલ્ફી લેતી વખતે કિનારે ઉભેલા એક મિત્રનો પગ લપસ્યો અને તે ઊંડા પાણીમાં પડ્યો. ચારેય મિત્રોએ એકબીજાના ગળે હાથ નાખ્યા હોવાથી, તેઓ સાંકળની જેમ એક પછી એક ઊંડા પાણીમાં ખેંચાતા ગયા. આ ઘટના સમયે થોડે દૂર ઉભેલો જૂથનો અન્ય એક મિત્ર તરત જ દોડી આવ્યો હતો. તે પાણીમાં ડૂબી રહેલા ચાર મિત્રો પૈકી એકને બહાર કાઢવામાં સફળ રહ્યો હતો, પરંતુ બાકીના ત્રણ મિત્રો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. દુર્ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ, વન્યજીવ રક્ષક માવલ સંસ્થા, શિવદુર્ગ બચાવ દળ અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. સર્ચ ઓપરેશન બાદ ત્રણેય યુવાનોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા.

મૃતકોના નામ:

૧. અજય ગરુડે
૨. સંતોષ એડકે
૩. અનિકેત પવાર




# તંત્રી લેખ......

## વધતી ગરમી આજીવિકા સંકટને વધુ વધારશે

તાજેતરના મૂલ્યાંકન મુજબ, વિશ્વના ૧૦૦ સૌથી ગરમ શહેરોમાંથી ૯૮ ભારતમાં છે. તીવ્ર ગરમી તેની સાથે અસંખ્ય પડકારો લાવે છે, જે તે લોકો માટે વધુ ખરાબ છે જેમને તેમની આજીવિકા માટે ખુલ્લા આકાશ નીચે કામ કરવું પડે છે. સ્વાભાવિક રીતે, તેઓ આજીવિકાના પડકારોનો સામનો કરે છે કારણ કે તેમના કલ્યાણ માટે લેવામાં આવેલા પગલાં અપૂરતા છે. આ ફક્ત કામદારો પર જ નહીં પરંતુ દેશની ઉત્પાદકતા પર પણ પ્રતિકૂળ અસર કરે છે. અસંખ્ય અભ્યાસો આ તરફ નિર્દેશ કરે છે. આ સમસ્યાના ઉકેલ શોધવા માટે તેમના તારણો ધ્યાનમાં લેવા જોઈએ. પહેલો પરિમાણ ભૌતિક પાસાઓથી સંબંધિત છે.

શ્રી રામચંદ્ર સંસ્થાના વિદ્યા વેણુગોપાલ, પી.કે. લથા અને રેખા ષણમુગમ દ્વારા ૨૦૨૬નો અભ્યાસ સાયન્ટિફિક રિપોર્ટ્સમાં પ્રકાશિત થયો હતો. તેણે તમિલનાડુના ૧૧ જિલ્લાઓમાં ૧,૫૬૦ કામદારોની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું હતું જેમને બે વર્ષ સુધી કામ માટે બહાર જવું પડ્યું હતું. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઉનાળાનું સરેરાશ તાપમાન ૨૯.૯ ડિગ્રી સેલ્સિયસ હતું, જે મહત્તમ સહનશીલ મર્યાદા ૨૭.૫ ડિગ્રી સેલ્સિયસથી ઘણું વધારે છે. આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર, આ તાપમાન મર્યાદાથી ઉપર સતત ભારે કામ કરવું અસુરક્ષિત માનવામાં આવે છે. દેખરેખ સમીક્ષાઓને આધિન ૮૮ ટકા કામદારોએ આ ઉચ્ચ તાપમાનની સ્થિતિમાં કામ કરવું પડ્યું હતું.

આમાંથી, ૬૧ ટકા લોકોએ ઉત્પાદકતામાં ઘટાડો અનુભવ્યો હતો. ભારે ગરમીના સંપર્કમાં આવતા કામદારોમાં ઉત્પાદકતામાં ઘટાડો થવાની શક્યતા દોઢ ગણી વધુ હતી. આમાંથી, ૧૫ ટકા લોકોને નોકરી ગુમાવવાનો ભય હતો, જ્યારે શિયાળામાં આ આંકડો ફક્ત ૯.૩ ટકા હતો. બીજો એક પાસું મેક્રોઈકોનોમિક સ્તર સાથે સંબંધિત છે. સોમનાથન અને તેમની ટીમે જર્નલ ઓફ પોલિટિકલ ઈકોનોમીમાં "ઉત્પાદકતા અને શ્રમ પુરવઠા પર તાપમાનની અસરો" શીર્ષક હેઠળ એક અભ્યાસ પ્રકાશિત કર્યો. તેમાં સુરતમાં વણકરોની સ્થિતિ, એનસીઆર અને હૈદરાબાદમાં કપડા સીવવાની લાઈનો અને ભિલાઈ મિલમાં સ્ટીલ શિફ્ટનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. નિષ્કર્ષ એ હતો કે તાપમાનમાં દરેક ડિગ્રી સેલ્સિયસ વધારા સાથે વાર્ષિક ફેક્ટરી ઉત્પાદનમાં આશરે બે ટકાનો ઘટાડો થયો છે. જોકે આ ડેટા ફક્ત ૨૦૧૨ સુધીનો છે, તેના તારણોનો અર્થ એ છે કે ઉનાળાની મૂડી અથવા કાચા માલ કરતાં શ્રમ ઉત્પાદકતા પર વધુ ઊંડી અસર પડે છે. સ્પષ્ટપણે, કાર્યસ્થળની અંદર એર કન્ડીશનીંગ ઉત્પાદકતામાં ઘટાડાને રોકી શકે છે, પરંતુ હાજરીને નહીં. આનું કારણ એ છે કે કામદારોને ઘણીવાર તેમના એર-કન્ડિશન્ડ કાર્યસ્થળો છોડીને એવી રહેઠાણોમાં રહેવું પડે છે જ્યાં આવી સુવિધાઓનો અભાવ હોય છે, અને તાપમાન ઘણીવાર ૪૫ ડિગ્રીથી વધુ હોય છે.

ગરમીનું ત્રીજું પાસું માનવ સંવેદનશીલતા સાથે સંબંધિત છે. ૨૦૨૪ અને ૨૦૨૫માં પ્રકાશિત થયેલ ઈન્ડિયા ડેવલપમેન્ટ રિવ્યૂમાં જાણવા મળ્યું છે કે દીમાપુરમાં ૬૦ ટકા મહિલા શેરી વિક્રેતાઓએ ઉનાળા દરમિયાન એક જ દિવસમાં શાકભાજી ગુમાવી દીધી હતી, જે સામાન્ય દિવસોમાં બે કે ત્રણ વખત થતી હતી. ૧૧ જૂનથી ૧૯ જૂન, ૨૦૨૪ દરમિયાન દિલ્હીમાં ગરમીના મોજાને કારણે ૧૯૨ બેઘર લોકોના મોત થયા હતા. લેન્સેટ કાઉન્ટડાઉન ઓન હેલ્થ એન્ડ ક્લાઈમેટ ચેન્જના ઓક્ટોબર ૨૦૨૫ના અહેવાલમાં અંદાજ છે કે ૨૦૨૪માં ભારે ગરમીને કારણે ભારતે ૨૪૭ અબજ કામકાજના કલાકો ગુમાવ્યા હતા, જે ૧૯૯૦ના દાયકાની સરેરાશની સરખામણીમાં ૧૨૪ ટકાનો વધારો છે.કૃષિ ક્ષેત્રે આ નુકસાનનો બે તૃતીયાંશ ભાગ અને બાંધકામ ઉદ્યોગે ૨૦ ટકાનો ભોગ લીધો હતો. આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન અનુસાર, ભારે ગરમીના મોજાને કારણે ઉત્પાદકતા પર થતી અસર ૨૦૩૦ સુધીમાં ૮ કરોડ પૂર્ણ-સમયની નોકરીઓના નુકસાન જેટલી હશે. કૃષિ અને બાંધકામ જેવા ક્ષેત્રો આ ગરમીનો ભોગ બનશે. આ ભારત માટે વધુ નુકસાનકારક છે, કારણ કે કાર્યકારી વસ્તીનો મોટો ભાગ આ ક્ષેત્રોમાં છે, જ્યાં તેઓ સીધા ગરમીના સંપર્કમાં આવે છે. ભારતના લગભગ ૯૦ ટકા કાર્યબળ અસંગઠિત ક્ષેત્રમાં છે, અને ૧૦ ટકાથી ઓછા ઘરોમાં એર કન્ડીશનીંગની સુવિધા છે.

## ૪ મે થી ૧૫ મે સુધી વરાહી–વાઘપુરા વચ્ચે સ્થિત રેલવે ફાટક નં. ૧૧૩ રોડ ટ્રાફિક માટે બંધ રહેશે

પશ્ચિમ રેલવે દ્વારા રેલ અને માર્ગ ઉપયોગકર્તાઓની સુરક્ષા તથા આધુનિક માળખાકીય સુધારણા માટે સામાખિયાળી–પાલનપુર વિભાગમાં વરાહી–વાઘપુરા સ્ટેશનો વચ્ચે સ્થિત રેલવે ફાટક નંબર ૧૧૩ (OHE 130/38-40) પર પ્લાસર ક્વિક રિલેઈંગ સિસ્ટમ (PQRS) મશીન દ્વારા સંપૂર્ણ ટ્રેક નવીનીકરણ (CTR) સંપૂર્ણ ટ્રેક નવીનીકરણ (CTR) કાર્ય કરવામાં આવશે. આથી રેલવે ફાટક નં. ૧૧૩ તા. ૦૪.૦૫.૨૦૨૬ ના રોજ સવારે ૦૭:૦૦ વાગ્યાથી તા. ૧૫.૦૫.૨૦૨૬ ના રોજ રાત્રે ૨૨:૦૦ વાગ્યા સુધી (કુલ ૧૨ દિવસ માટે) માર્ગ વાહનવ્યવહાર માટે બંધ રહેશે.

આ સમયગાળા દરમિયાન માર્ગ ઉપયોગકર્તાઓ પિપળી–વરાહી વચ્ચે આવેલ રેલવે ફાટક નં. ૧૧૨ (OHE 129/28-30) તેમજ માનપુરા ગામથી મુસાફરી કરી શકશે.


**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શનીવાર, ૦૨/૦૫/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૧૭૩ | ૪૭૫.૦૦ | ૫૩૪.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૫૦.૦૦ |
| ૩ | એરંડા | ૨૦૪ | ૧,૨૮૫.૦૦ | ૧,૩૦૩.૦૦ |
| ૪ | બાજરી | ૦ | ૪૪૦.૦૦ | ૪૬૫.૦૦ |
| ૫ | મકાઇ | ૮૧૦ | ૩૮૫.૦૦ | ૪૭૧.૦૦ |
| ૬ | ચણા | ૧૩૦ | ૧,૦૧૪.૦૦ | ૧,૧૮૧.૦૦ |
| ૭ | ચણા (કાબુલી ) | ૩૫ | ૧,૩૦૦.૦૦ | ૧,૪૧૨.૦૦ |
| ૮ | તમાકુ | ૦ | ૧,૪૫૦.૦૦ | ૨,૨૦૦.૦૦ |
| ૯ | તમાકુ (ગારીયુ) | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૩૫૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર


# રાજ્યના અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓના ૭,૧૪૫ વારસદારોને રેકોર્ડબ્રેક રૂ. ૭.૧૪ કરોડથી વધુની સહાય ચૂકવાઈ

### ’અંત્યેષ્ઠિ સહાય યોજના’ હેઠળ છેલ્લા ૧૦ વર્ષમાં ૨૬ હજાર કરતાં વધુ વારસદારોને કુલ રૂ. ૧૩.૭૩ કરોડ કરતાં વધુની અપાઈ સહાય

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને શ્રમ-રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવાળીયાના નેતૃત્વમાં રાજ્ય સરકાર શ્રમયોગીઓના કલ્યાણ માટે સતત કાર્યરત છે. ગુજરાત સરકાર દ્વારા અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓ એટલે કે બાંધકામ શ્રમયોગીઓ તથા અનુસૂચિત જાતિ સિવાયના શ્રમયોગીના મૃત્યુના દુઃખદ સમયે તેમના પરિવારને અંત્યેષ્ઠિ ક્રિયા માટે આર્થિક સહાયરૂપે ’મરણોત્તર ક્રિયા-અંત્યેષ્ઠિ સહાય યોજના’ વર્ષ ૨૦૧૧થી શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં સૌથી વધુ ૭,૧૪૫ વારસદારોને કુલ રૂ. ૭.૧૪ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. આમ, આ યોજના અંતર્ગત છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૨૬,૬૫૭ વારસદારોને રૂ. ૧૩.૭૩ કરોડથી વધુની સહાય આપીને શ્રમયોગીઓના પરિવારની દુઃખદ ઘડીએ સરકાર તેમની પડખે ઊભી રહી છે. વધુમાં, ‘અંત્યેષ્ઠિ સહાય યોજના’ અંતર્ગત મૃતક અસંગઠિત ક્ષેત્રના ઈ-શ્રમ કાર્ડ ધારક શ્રમયોગી હોવા જોઈએ. મૃતકના અવસાન સમયે તેની ઉંમર ૧૬ થી ૭૦ વર્ષની વચ્ચે હોવી જોઈએ. વારસદારની વાર્ષિક આવક ગ્રામીણ વિસ્તાર માટે રૂ. ૧.૨૦ લાખ તથા શહેરી વિસ્તાર માટે રૂ. ૧.૫૦ લાખ સુધીની હોવી જોઈએ. આ યોજના હેઠળ મળવાપાત્ર સહાય અગાઉ રૂ. ૫ હજાર હતી, જે વધારીને રૂ. ૧૦ હજાર કરવામાં આવી છે.

આ યોજનાનો લાભ લેવા માટે અરજદાર યોજનાનું ફોર્મ અને ઠરાવની નકલ ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની વેબસાઈટ **https://grwwb.gujarat. gov.in/**પરથી ડાઉનલોડ કરી શકશે. પાત્રતા ધરાવતા અસંગઠિત શ્રમયોગીના વારસદારે શ્રમયોગીના અવસાનની તારીખથી ત્રણ માસની સમય મર્યાદામાં જરૂરી બિડાણો સાથે ’પરિશિષ્ટ-૧’ મુજબના નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. આ અરજી મદદનીશ સરકારી શ્રમ અધિકારી/સરકારી શ્રમ અધિકારી/ મદદનીશ શ્રમ આયુક્ત અથવા નાયબ શ્રમ આયુક્તની કચેરી ખાતે આપવાની રહેશે.

નોંધનીય છે કે, આ યોજનાનો લાભ બાંધકામ શ્રમયોગીઓ/ઈ-નિર્માણ કાર્ડ ધારકો કે અનુસૂચિત જાતિના વ્યક્તિઓને મળવાપાત્ર થશે નહીં. અનુસૂચિત જાતિના શ્રમયોગીઓ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા "સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના" અમલમાં છે. જ્યારે ઈ-નિર્માણ કાર્ડ ધારકોને ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની યોજના હેઠળ લાભ મળશે, તેમ ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરની યાદીમાં જણાવાયુ છે. - જીગર બારોટ

### તંત્ર દ્વારા અમદાવાદ સહિત વડોદરા, સાવલી અને ભરૂચ જેવા સ્થળોએ ફાર્મા પેઢીઓ પર દરોડા

# અમદાવાદની ફાર્મા પેઢીઓ પરના દરોડામાં અંદાજે રૂ. ૧.૨૧ કરોડથી વધુ રકમનો શંકાસ્પદ દવાનો જથ્થો જપ્ત/પ્રોહીબીટ: આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનસેરીયા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વિવિધ સ્થળોએ દવાના નમૂનાઓનું સતત પરીક્ષણ કરી ભેળસેળ-વેચાણ કરતાં તત્વો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે અમદાવાદની ફાર્મા પેઢીઓ પરના દરોડામાં અંદાજે રૂ. ૧.૨૧ કરોડથી વધુ રકમનો શંકાસ્પદ દવાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત તંત્ર દ્વારા વડોદરા, સાવલી અને ભરૂચ જેવા સ્થળોએ ફાર્મા પેઢીઓ પર દરોડા પાડીને શંકાસ્પદ દવાનો જથ્થો જપ્ત કરીને કાર્યવાહી કરવામાં આવી છે, તેમ આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનસેરીયાએ વિગતો આપતા કહ્યું હતું.

ગુજરાતના નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. જે અંગે આરોગ્ય મંત્રી શ્રી પાનસેરીયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, "રાજ્ય સરકાર નાગરિકોના આરોગ્ય સાથે કોઈ પણ પ્રકારનું સમાધાન કરશે નહીં. નકલી,

### નાગરિકોના આરોગ્ય સાથે કોઈ પણ પ્રકારનું સમાધાન નહીં: નકલી, ગુણવત્તાવિહીન અને નશાકારક દવાઓના ગેરકાયદે વેચાણ સામે ‘ઝીરો ટોલરન્સ’ નીતિ સાથે રાજ્યવ્યાપી કડક કાર્યવાહી: આરોગ્ય મંત્રીશ્રી

ગુણવત્તાવિહીન અને નશાકારક દવાઓના ગેરકાયદે વેચાણ સામે અમે ‘ઝીરો ટોલરન્સ’ની નીતિ અપનાવી છે." આ અંગે આરોગ્ય મંત્રી શ્રી પાનસેરીયાએ ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે ગાંધીનગર ખાતે બેઠક યોજીને ગુજરાતના યુવાધનને નશાની લત લગાવતી દવાઓના ગેરકાયદેસર ઉપયોગ કરતી તેમજ નકલી દવાઓનું ખરીદ-વેચાણ કરતી પેઢીઓ સામે કડક પગલાં લેવા સૂચના આપી હતી.

★ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યભરમાં હાથ ધરવામાં આવેલા સઘન સર્ચ ઓપરેશનની વિગતો

અમદાવાદ શહેરમાં પવન ફોર્મ્યુલેશન દ્વારા કોડીન ઘટક ધરાવતી સીરપનું મોટા પ્રમાણમાં સંગ્રહ કરવામાં આવતું હતું. તપાસ દરમિયાન સ્થળ પરમોટા પ્રમાણમાં નાર્કોટિક, આદત બનાવનારી અને દુરુપયોગ માટે સંવેદનશીલ દવાઓ મળી આવી હતી. આ ઉપરાંત તપાસ દરમિયાન ખરીદી અને વેચાણના રેકોર્ડમાં પણ ગંભીર પ્રકારની ક્ષતિઓ જોવા મળી હતી. અહી આશરે રૂ. ૭૬.૫૧ લાખ કરતાં વધુની કિંમતની દવાઓનો જથ્થો પ્રોહિબિટ કરવામાં આવ્યો હતો.

વધુમાં, અમદાવાદના મે. યુસુફ મેડીસીન્સ, ગોમતીપુર ખાતે **‘HABBE AUJA’** નામની આયુર્વેદિક દવામાં એલોપેથિક ‘ડાયક્લોફેનેક’ ઘટક મળી આવતા તેને ‘સ્પૂરિયસ’ (બનાવટી) જાહેર કરી અંદાજિત રૂ. ૧૨ હજારની દવાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. **Times Medicament Pvt. Ltd.** મંજૂરી વિના જગ્યા બદલવા અને ‘મોન્જારો’ ઈન્જેક્શનના બિલિંગમાં અનિયમિતતા બદલ રૂ. ૪.૬૦ લાખની દવાઓ જપ્ત કરવામાં આવી છે. મે. **AEDMAX LIFECARE, AHMEDABAD** દ્વારા **REXCRON-T SYRUP-** કોડીન સીરપના ગેરકાયદેસસર વેચાણ સાથે સંકળાયેલ પેઢીના પરવાના ૧૫ દિવસ માટે સ્થગિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત **Maxila Mediscience Pvt. Ltd.** દ્વારા **Tramadol** અને **Alprazolam** જેવા સાયકોટ્રોપીક ઘટક ધરાવતી દવાઓનું ઉત્પાદન કરવામાં આવતું હતું જે અંગે વેચાણના રેકોર્ડની ખરાઈ કરીને તપાસ કરવામાં આવી રહી છે.

ઉપરાંત તંત્રના અધિકારીઓ દ્વારા મનહર નગર શોપિંગ સેન્ટરના ઈ-૨૪ના પ્રથમ માળે આવેલ દુકાનમાં પંચોને સાથે રાખી તપાસ કરતા આ જગ્યા ઉપર ધર્મેશભાઈ જયંતીલાલ સથવારા દ્વારા વગર પરવાને દવાનો વેચાણ અર્થે સંગ્રહ કરેલ જોવા મળેલ હતો. જે અંગે કાયદાની જોગવાઈઓ મુજબ જવાબદાર પેઢી ખાતેથી અંદાજિત રૂ. ૪૦ લાખનો જથ્થો જપ્ત કરીને પેઢી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે વડોદરામાં **M/S. MEDICAMENT SOLUTIONS (P) LTD** દ્વારા મેદસ્વીતા ઘટાડવા માટે વપરાતા **“MOUNJARO KWIKPEN”** ઈન્જેક્શનનું ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર ઓનલાઈન ગેરકાયદે વેચાણ કરવામાં આવતું હતું. આ પેઢી ભ્રામક જાહેરાતો દ્વારા ઓનલાઈન ઓર્ડર મેળવી, દર્દીની તપાસ કર્યા વિના જ કુરિયરથી દવાઓ મોકલતી હતી, જે સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી છે. જેથી તંત્ર દ્વારા **M/S. MEDICAMENT SOLUTIONS (P) LTD** નું લાયસન્સ કાયમી ધોરણે રદ કરવામાં આવ્યું છે તેમજ આમાં સંડોવાયેલા તમામ ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. ઉપરાંત વડોદરાની **M/S. AMICO FORMULATION LLP** નામની દવા ઉત્પાદક પેઢી દ્વારા ’ટાપેનટાડોલ હાઈડ્રોક્લોરાઈડ’ દવાના ઊંચા ડોઝનું ઉત્પાદન કરવામાં આવતું હતું. આ દવાઓનો આટલો ઊંચો ડોઝ તબીબી સારવારને બદલે માદક દ્રવ્ય તરીકે નશાના હેતુ માટે વપરાય તેવી પૂરી શક્યતા હોવાથી તંત્ર દ્વારા આ પેઢીની ઉત્પાદન પરમિટ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી છે. તંત્ર દ્વારા સાવલી તાલુકાના ઘંટીયાળ ગામે દરોડો પાડવામાં આવ્યો હતો. અહી તપાસ દરમિયાન **M/S. AMICO FORMULATION LLP** પેઢીના કુલ ૨૨ નમૂનાઓ લેવામાં આવ્યા હતા. જે પૈકી વડોદરાની લેબોરેટરી દ્વારા **'MIXACRIP CAPLETS'**નો નમૂનો **"NO of Standard Quality"** જાહેર કરવામાં આવ્યો છે. અપ્રમાણસર જાહેર થયેલી દવાનો **'Stop Sale'** અને **'Product Recall'** માટે કંપનીને નોટિસ આપવામાં આવી છે તેમજ તમામ દવાનો જથ્થો હાલ સાવલી પોલીસ દ્વારા જપ્ત કરીને કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે. ઉપરાંત ભરૂચની **ALPHARD PHARMA** કંપની દ્વારા પણ ’ટાપેનટાડોલ હાઈડ્રોક્લોરાઈડ’ના ઊંચા ડોઝ ધરાવતી દવાઓનું ઉત્પાદન કરવામાં આવતું હતું. ભારત સરકાર દ્વારા એનઓસી રદ કરવામાં આવતા હ્રહ્રઝછ ગુજરાતે આ કંપનીની આ બનાવટ્‌ની એક્સપોર્ટ પરમિટ કાયમી રદ કરી છે.

# કચ્છમાં SOGની મોટી કાર્યવાહી, ISISની વિચારધારાનો પ્રચાર કરનાર શખસ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

કચ્છ જિલ્લામાં સોશિયલ મીડિયાના માધ્યમથી દેશવિરોધી પ્રવૃત્તિઓ કરનારા તત્ત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. ભુજ તાલુકાના લોડાઈ ગામમાં પ્રતિબંધિત આતંકી સંગઠન **ISIS** (ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરિયા)ની વિચારધારાનો પ્રચાર કરવા અને ઉશ્કેરણીજનક સામગ્રી ફેલાવવા બદલ પશ્ચિમ કચ્છ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા એક શખસ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. પશ્ચિમ કચ્છ SOGને ચોક્કસ બાતમી મળી હતી કે લોડાઈ ગામનો રહેવાસી ફકીરમામદ ઈસા ગગડા નામનો શખસ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શંકાસ્પદ અને દેશવિરોધી પ્રવૃત્તિઓ કરી રહ્યો છે.

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં સહકાર ક્ષેત્રમાં નવીનતમ ટેકનોલોજી અને ગ્રીન એનર્જીના સમન્વય પર મંથન કરાયું






સુરત સ્થિત ઓરો યુનિવર્સિટી ખાતે આયોજિત બે દિવસીય વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (દક્ષિણ ગુજરાત ઝોન) ના દ્વિતીય દિવસે રાજ્ય સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, મત્સ્ય ઉધ્યોગ, પશુપાલન વિભાગના કેબિનેટ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષસ્થાને વેલ્યુ એડિશન, ગ્રીન એનર્જી અને એક્સપોર્ટ સ્કોપ્સ ઈન કો.ઓપરેટીવ સેક્ટર ઓફ ગુજરાત વિષય પર મંથન કરાયું. આ પ્રસંગે નાયબ દંડકશ્રી કૌશિકભાઈ વેકરીયા અને ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે પશુપાલન વિભાગના કેબિનેટ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું કે, ગુજરાત સહકારની પવિત્ર ભૂમિ છે અને વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ સ્થપાયેલું નવું ’સહકાર મંત્રાલય’ આ ક્ષેત્રમાં નવી ઉર્જાનો સંચાર કરી રહ્યું છે. સહકારના માધ્યમથી રાષ્ટ્ર નિર્માણના લક્ષ્ય સાથે રાજ્ય સરકાર ખેડૂતો અને પશુપાલકોના ઉત્થાન માટે કટિબદ્ધ છે.

વધુમાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતમાં સહકારી ક્ષેત્રમાં ગ્રીન એનર્જી અને વેલ્યુ એડિશનનો નવો અધ્યાય સહકાર ક્ષેત્ર માટે આર્થિક સહાયનો રોડમેપ બનશે. રાજ્યની પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) ને હવે ’કોમન સર્વિસ સેન્ટર’ અને ’જન ઔષધિ કેન્દ્રો’ તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે, જેથી ખેડૂતોને ગામડામાં જ ૭૫થી વધુ સરકારી સેવાઓ ઉપલબ્ધ થાય. બેંકિંગ સુવિધા છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે ૧૪,૩૩૦ ગ્રામ પંચાયતોમાં ૧૨,૦૦૦થી વધુ ’માઈક્રો-એટીએમ’નું નેટવર્ક સ્થાપિત કરવામાં આવ્યું છે. આ સાથે ૩૬ લાખ પશુપાલકોને ’રૂપે ડેબિટ કાર્ડ્સ’ આપી નાણાકીય સમાવેશ સાધ્ય કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે ખેડૂતોને સમયસર અને સસ્તું ધિરાણ મળી રહે તે માટે ’વ્યાજ સહાય યોજના’ની જોગવાઈ વધારીને રૂ.૧૨૦૦ કરોડથી વધારી રૂ.૧૫૩૯ કરોડ કરી છે. જે ખેડૂતો સમયસર લોન પરત કરે છે, તેમને ૦% વ્યાજે રૂ. ૩ લાખ સુધીનું ધિરાણ આપવામાં આવે છે, જેથી ખેતીનો ખર્ચ ઓછો કરી શકાય એમ કેબિનેટ મંત્રીએ જણાવ્યુ હતું.

આ સાથે બનાસકાંઠામાં બનાસ ડેરી દ્વારા સ્થાપિત ૩ બાયો-સીએનજી પ્લાન્ટ્સ આજે દેશ માટે મોડેલ બન્યા છે. પશુપાલકો પાસેથી રૂ. ૧ પ્રતિ કિલોના ભાવે દરરોજ ૨૪૦ મેટ્રિક ટન ગોબર ખરીદીને તેમની આવકમાં વધારો કરવામાં આવે છે. આ પ્લાન્ટ્સ દ્વારા પર્યાવરણની જાળવણી સાથે બાયો-સીએનજી અને મોટા પાયે પ્રાકૃતિક ખાતરનું ઉત્પાદન થઈ રહ્યું છે. આ વર્ષે દૂધ સંઘોમાં આવા પ્લાન્ટ્સ સ્થાપવા માટે રૂ. ૬૦ કરોડની નવી જોગવાઈ કરવામાં આવી છે.

ભારત સરકાર દ્વારા સ્થાપિત ત્રણ નવી સંસ્થાઓ નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ લિમિટેડ (NCEL) અને નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ દ્વારા ગુજરાતના સહકારી ઉત્પાદનો હવે આંતરરાષ્ટ્રીય બજારોમાં નિકાસ થશે, જે ’લોકલ ટુ ગ્લોબલ’ના મંત્રને સાકાર કરશે. આ સંસ્થાઓ ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતોને બ્રાન્ડિંગ, સર્ટિફિકેશન અને માર્કેટિંગમાં મદદ કરી તેમની આવક બમણી કરવામાં પથદર્શક બનશે એમ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ ઉમેર્યું હતું.

આ પ્રસંગે અધિક મુખ્ય સચિવ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકારી વિભાગના અરુણકુમાર એમ. સોલંકી (IAS), રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીના મિતેષ પી. પંડયા (IAS), સુમુલ ડેરીના સિનિયર એક્ઝિક્યુટિવ ઓફીસર, હર્ષ ઠાકર, આસિસ્ટન્ટ મેનેજર ક્વોલીટી અસ્યોરન્સ, કૃષિ ઉત્પાદન બજાર સમિતિ-સુરત મોનિકા ઠાકોર, NCEL ના બિઝનેસ મેનેજર, કુ. આયુષી નાયક સહિત વિવિધ દૂધ સંઘના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ (મો.૭૯૮૪૮૩૬૩૭૧)

પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# બનાસકાંઠા જિલ્લાની રાજનીતીમાં ઉકળતા ચરૂ જેવી સ્થિતિઃ ગેનીબેને જગદીશ વિશ્વકર્માને કર્યો હુંકારઃ ૨૦૨૭ માં વિધાનસભા ચુંટણી લડવા ફેંકી ખુલ્લી ચેલેન્જ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં હાલ નિવેદનબાજીનો દોર તેજ બન્યો છે. ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા કરવામાં આવેલા તાજેતરના નિવેદન સામે બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરે આક્રમક વલણ અપનાવ્યુ છે. ગેનીબેને માત્ર વળતો પ્રહાર જ નથી કર્યો પરંતુ જગદીશ વિશ્વકર્માને ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણી બનાસકાંઠાની ધરતી પરથી લડવા માટે ખુલ્લી ચેલેન્જ પણ આપી દીધી છે.

ગેનીબેન ઠાકોરે લોકશાહીના મુલ્યોની યાદ અપાવતા જણાવ્યુ હતુ કે સત્તા એ કાયમી નથી અને તે કોઈના બાપની પેઢી પણ નથી, તેમણે વધુમાં કહ્યુ હતુ કે હાર અને જીત એ લોકશાહીનો એક ભાગ છે, બહુમતીનો આનંદ લોકશાહી ઢબે હોવો જોઈએ અને તે માટે અમે તેમને અભિનંદન પણ આપીએ છીએ, પરંતુ સત્તાના નશામાં છકી જઈને પાયાવિહોણી વાતો કરવી યોગ્ય નથી, જગદીશ વિશ્વકર્માના નિવેદનને આડેહાથ લેતા ગેનીબેને જણાવ્યુ હતુ કે તેમણે બનાસકાંઠાની દિકરીઓ અને જનતાનુ અપમાન કર્યુ છે. જો તેમણે રાજય કે કેન્દ્ર સરકાર દ્વારા બનાસકાંઠાની સમસ્યાઓ ઉકેલવાની વાત કરી હોત તો અમે લોકશાહી ઢબે તેમનો આભાર માનત, તેઓ પોતે ઓબીસી નેતા હોવાનો દાવો કરે છે, છતાં ઓબીસી મહિલાઓના આરક્ષણ વિશે વાત કરવાને બદલે બહેન દિકરીઓને અપમાનીત કરે છે, આ તેમની કેવી માનસિકતા છે, ૨૦૨૪ ની લોકસભા ચુંટણીને યાદ કરતા ગેનીબેનો ભાવુક અંદાજમાં કહ્યુ હતુ કે મે બનાસકાંઠાની જનતા પાસે એક દિકરી તરીકે મામેરૂ માંગ્યુ હતું અને બનાસની જનતાએ મને ખોબલે ખોબલે મત આપીને ગુજરાતની



સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખી છે, જગદીશભાઈ પોતાને બનાસકાંઠાના પુત્ર ગણાવે છે, પરંતુ જગદીશભાઈએ એ વિચારવુ જોઈએ કે બનાસકાંઠા જિલ્લાના કેટલાક વાવ-થરાદ તથા લાખણી તાલુકાના કેટલાક પોલીસ કર્મચારીઓ રાજયના અન્ય જિલ્લાઓમાં વરસોથી ફરજો બજાવી રહ્યા છે. તેમના પરીવારજનો બદલી માટે નાયબ મુખ્યમંત્રીને અન્ય મંત્રીઓ દ્વારા ભલામણો કરવા છતાં કેમ જગદીશભાઈ વિશ્વકર્મા બદલી કરાવતા નથી ? જો બનાસકાંઠા જિલ્લાની હમદર્દી હોય તો આ બનાસકાંઠા જિલ્લાના પોલીસ કર્મીઓને તાત્કાલીક બદલી કરાવી બનાસકાંઠા જિલ્લામાં ભલામણ કરાવે તેવી મારી અપીલ છે,

જગદીશભાઈ પોતાને બનાસકાંઠાના પુત્ર ગણાવે છે પણ વાસ્તવમાં તેમણે અહીની જનતાનુ અપમાન કર્યુ છે, જે બદલ તેમણે માફી માંગવી જોઈએ, ગેનીબેન ઠાકોરે જગદીશ વિશ્વકર્માના સામ,દામ,દંડ અને ભેદ ની નીતી સામે સીધો પડકાર ફેંકતા કહ્યુ હતુ કે જો તેમના માં પાવર હોય તો ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણી બનાસકાંઠાથી લડી બતાવે, હું મારા મોવડી મંડળને વિનંતી કરીશ કે જગદીશ વિશ્વકર્મા જયાં થી લડે ત્યાંથી મને ટીકીટ આપે, અને જો મને ટીકીટ ન મળે તો પણ કોંગ્રેસનો સામાન્ય કાર્યકર તેમને હરાવવા સક્ષમ છે, ત્યારે ખબર પડશે કે બનાસકાંઠાનુ પાણી શું છે અને જનતા કોના પક્ષમાં છે.

ગેનીબેનો વધુમાં કહ્યુ હતુ કે કોંગ્રેસે પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધી વરસો સુધી શાસન કર્યુ છે, પરંતુ કયારેય ભાજપની મહિલાઓ કે નેતાઓ માટે અપમાનજનક શબ્દો વાપર્યા નથી, તેમણે અંતમાં ચેતવણી આપતા કહ્યુ હતુ કે બનાસકાંઠાની જનતામાં કેટલો દમ છે તે આવનારો સમય જ નકકી કરશે.

# નર્મદામાં આમ આદમી પાર્ટીની જીત પર મનસુખ વસાવાએ આપી પ્રતિક્રિયા કહ્યું ભાજપ જ ભાજપને હરાવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

નર્મદા જિલ્લાના સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પરીણામોએ ગુજરાતની રાજનીતીમાં નવી ચર્ચાઓને જન્મ આપ્યો છે. મનસુખ વસાવા દ્વારા ચુંટણી પહેલા કરવામાં આવેલી આગાહી હવે હકીકતમાં બદલાતી જોવા મળી રહી છે,



ચુંટણી પહેલા મનસુખ વસાવાએ કહ્યુ હતુ કે ભાજપ જ ભાજપને હરાવશે, તેમની આ ટીપ્પણીનો સંદર્ભ પક્ષની અંદરની નીતીઓ, ખાસ કરીને ટીકીટ વહેંચણી સાથે જોડાયેલો હતો, જિલ્લા અને તાલુકા પંચાયતની ચુંટણીમાં ઘણા સીનીયર અને સતત જીતતા ઉમેદવારોને ટીકીટ ન મળતા કાર્યકર્તાઓમાં અસંતોષ ફેલાયો હતો. આ અસંતોષે ચુંટણીના પરીણામોમાં મહત્વપૂર્ણ ભુમિકા ભજવી છે. આંતરીક વિખવાદનો સીધો લાભ આમ આદમી પાર્ટીને મળ્યો છે. ખાસ કરીને સાગબારા, ડેડીયાપાડા તાલુકાઓમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ નોધપાત્ર જીત મેળવી છે. સ્થાનિક મતદાતાઓએ પક્ષની અંદર ગોટાળાઓ સામે મત આપ્યો હોવાનો મત રાજકીય વિશ્લેષકો વ્યકત કરી રહ્યા છે. આ પરીણામો ભાજપ માટે ચેતવણી સમાન છે, પક્ષ માટે હવે આવશ્યક બની ગયુ છે કે તે પોતાના કાર્યકર્તાઓ અને સ્થાનિક નેતાઓને વધુ મહત્વ આપે, ટીકીટ વહેચણીમાં પારદર્શિતા અને સંતુલન જાળવવુ હવે જરૂરી બન્યુ છે. નહી તો આવી પરિસ્થિતિ ફરી સર્જાઈ શકે છે.

તો બીજી તરફ આમ આદમી પાર્ટી માટે આ જીત એક મહત્વપૂર્ણ પગલુ છે. ગુજરાતમાં પોતાની હાજરી મજબુત બનાવવા માટે આ પરીણામો તેમને આત્મવિશ્વાસ આપશે, પરંતુ આ સફળતાને રાજયના અન્ય વિસ્તારોમાં વિસ્તૃત કરવી અને તેમના માટે આગામી પડકાર રહેશે. આ રીતે નર્મદા જિલ્લાના પરીણામોએ સાબિત કર્યુ છે કે સ્થાનિક સ્તરે આંતરીક એકતા અને યોગ્ય નેતૃત્વ કોઈપણ પક્ષ માટે જીતનુ મુખ્ય સાધન છે.

# પંચમહાલ જિલ્લામાં ખાખી પર લાગ્યો ડાઘઃ ગોધરામાં મહિલા એએસઆઈ અને હોમગાર્ડે સરકારી નાણાંમાં કરી મોટી છેડછાડઃ પોલીસ ફરીયાદ

પ્રતિનિધિ,ગાંધીનગર

પંચમહાલ જિલ્લામાં સરકારી નાણાંની હેરાફેરીનો એક ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. જેમાં કાયદાના રક્ષકો જ ભક્ષક બન્યા હોવાનુ બહાર આવ્યુ છે.

ગોધરામાં ફરજ બજાવતા એક મહિલા એએસઆઈ અને હોમગાર્ડ જવાને મીલીભગત કરી ટ્રાફીક બ્રિગેડ ના જવાનોના હક્કના લાખો રૂપીયા પોતાના સગાઓના ખાતામાં ટ્રાન્સફર કરી ઉચાપત કરી છે, આ મામલે ઉચ્ચ પોલીસ અધિકારીઓની તપાસ બાદ કાયદેસરની પોલીસ ફરીયાદ નોંધાતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. પંચમહાલ જિલ્લાના મુખ્યમથક ગોધરામાં સરકારી નાણાંની ઉચાપતનો વધુ




એક ગંભીર બનાવ બહાર આવતા પોલીસ તંત્ર હરકતમાં આવ્યુ છે. ગોધરા સીટી ટ્રાફીક પોલીસ શાખામાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા એએસઆઈ સમરથબેન નાઈ અને પંચમહાલ એસપી કચેરીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા હોમગાર્ડ જવાન વિજયભાઈ ડામોર દ્વારા આર્થિક ગેરરીતી આચરવામાં આવી હોવાનુ સાબિત થયુ છે. વિગતો મુજબ આ બંને કર્મચારીઓએ સાથે મળીને ટ્રાફીક બ્રિગેડના સભ્યોને મળવાપાત્ર માનદભથ્થાના નાણાંમાં મોટી છેડછાડ કરી હતી.

આ કૌભાંડનો સમયગાળો જુન ૨૦૨૪ થી ફેબ્રુઆરી ૨૦૨૫ વચ્ચેનો હોવાનુ તપાસમાં બહાર આવ્યુ છે. આ સમય દરમિયાન આરોપી મહિલા એએસઆઈએ ગોધરા ટ્રાફીક બ્રિગેડના સભ્યોના સત્તાવાર રેકોર્ડ અને યાદીમાં ફેરફાર કર્યો હતો. તેમણે ખરેખર ફરજ બજાવતા જવાનોના નામોની જગ્યાએ અથવા તેમની વિગતોમાં ચેડા કરીને પોતાના પરીવારના સભ્યોના નામ અને બેંક એકાઉન્ટ નંબર ઘુસાડી દીધા હતા. આ રીતે ટ્રાફીક બ્રિગેડના જવાનોના પરસેવાની કમાણીના કુલ રૂપીયા ૬.૪૯ લાખ સરકારી તીજોરીમાંથી સીધા તેમના સંબંધીઓના અંગત ખાતામાં ટ્રાન્ફસર કરી દેવામાં આવ્યા હતા. સરકારી નાણાંની આ ઉચાપત લાંબા સમય સુધી ચાલી હતી. પરંતુ ઓડીટ અથવા આંતરીક તપાસ દરમિયાન રેકોર્ડમાં વિસંગતતા જણાતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ હતુ કે સરકારી નાણાં સગેવગે કરવા માટે વ્યવસ્થિત રીતે ડોકયુમેન્ટ્સમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. આ ઘટનાએ પોલીસ વિભાગની આંતરીક વહિવટી પ્રક્રિયા અને પારદર્શિતા સામે પણ સવાલો ઉભા કર્યા છે.

હાલમાં આ બંને આરોપીઓ વિરૂધ્ધ ઉચાપત અને છેતરપીંડીની કલમો હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. અને પોલીસ દ્વારા વધુ કડક તપાસ હાથ ધરવામાં આવી છે. આ કૌભાંડમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં પણ તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# પંચમહાલ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાનમાં ૨.૭૯ કરોડનુ કૌભાંડઃ ૬ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ

પ્રતિનિધિ,ગાંધીનગર

પંચમહાલ જિલ્લાના સરકારી ગ્રાન્ટમાં મોટાપાયે ઉચાપતનુ કૌભાંડ બહાર આવ્યુ છે. સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કાગળ પર સાધનોની ખરીદી કરીને સરકારી નાણાંનો દુરુપયોગ કરી અંદાજે ૨.૭૯ કરોડ રૂપીયાથી વધુની રકમની ઉચાપત કરતા ૨ કરાર આધારીત કર્મચારીઓ અને ૪ એજન્સીઓ વિરૂધ્ધ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.




વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૬ દરમિયાન પંચમહાલ જિલ્લા પ્રોજેકટ કો.ઓડીનેટરની કચેરી સર્વ શિક્ષા જિલ્લા પંચાયત ગોધરા ખાતે કૌભાંડ આચરવામાં આવ્યુ હતું. કચેરીના હિસાબી અધિકારી (વર્ગ-૨) રણજીતસિંહ રાઠોડ દ્વારા આ મામલે સત્તાવાર ફરીયાદ દાખલ કરવામાં આવી છે. સર્વ શિક્ષા અંતર્ગત શાળાઓમાં એજન્સી દ્વારા સાધનો નહી આપીને આર્થિક લાભ મેળવવા બદઈરાદાપૂર્વક ષડયંત્ર રચીને મેળાપીપણાંથી સરકારી નાણાં કુલ ૨,૭૯,૫૯,૮૧૬ કરોડ રૂપીયાની ઉચાપત કરી છે. સરકારી ખરીદી પ્રક્રિયાના નિયમોનુ ઉલ્લંઘન કરી ખોટા અને બનાવટી બીલો બનાવી સરકારી ગ્રાન્ટમાંથી નાણાં એજન્સીઓના ખાતામાં જમા કરાવ્યા હતા. આ એજન્સીઓએ કોઈપણ પ્રકારના સાધનો પુરા પાડયા વગર માત્ર કાગળ પર વ્યવહારો બતાવી સરકાર સાથે છેતરપીંડી આચરી હતી. ગોધરા શહેર બી ડીવીઝન પોલીસ મથકે ગુન્હો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ કૌભાંડમાં હજુ પણ અન્ય નેતાઓની સંડોવણી હોવાની શકયતા નકારી શકાય તેમ નથી, આ મામલે ૬ આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. જેમાં (૧) પુજનકુમાર રમેશચંદ્ર જોશી રહે.સાબરકાંઠા હિંમતનગર (૨) નિતીનકુમાર જયંતીભાઈ પટેલ, સાબરકાંઠા, હિંમતનગર (૩) જે એસ કોમ્પ્યુટરના માલીક ગોધરા (૪) શ્રીરામ એન્ટરપ્રાઈઝના માલીક રાજકોટ (૫) વેદીકા એન્ટરપ્રાઈઝના માલીક રાજકોટ (૬) અક્ષર સેફટી પ્રોડકટના માલીક રાજકોટ

મુખ્ય આરોપમાં આ આરોપીઓએ ખોટા બીલો બનાવી સરકારી નાણાંની ઉચાપત કરી છે, આ મામલે ગોધરા પોલીસે બીએનએસ ની કલમ-૩૧૬(૫), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૬૧(૨), (એ) હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કૌભાંડમાં કેટલાક નેતાઓના નામ બહાર આવી શકે છે.

# પાલિતાણા રેલવે સ્ટેશન પર સતર્કતા અને ઈમાનદારીનું સરાહનીય ઉદાહરણ, મુસાફરનો ખોવાયેલ મોબાઈલ સુરક્ષિત પરત અપાયો

દિનાંક ૦૨ મે, ૨૦૨૬ (શનિવાર)ના રોજ સવારે અંદાજે ૧૦:૦૦ વાગ્યે પાલિતાણા રેલવે સ્ટેશન પર તાત્કાલ બુકિંગ માટે એક મુસાફર કાઉન્ટર પર આવ્યા હતા. બુકિંગ પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી તેઓ અજાણતા પોતાનો મોબાઈલ ફોન કાઉન્ટર પર જ મૂકી જતા રહ્યા.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે ડ્યૂટી પર તૈનાત બુકિંગ ક્લાર્ક શ્રી જયવીર સિંહ જાડેજાની સતર્ક નજર જ્યારે મોબાઈલ પર પડી, ત્યારે તેમણે તરત જ પોતાની જવાબદારી નિભાવી અને તેની માહિતી ડ્યુટી પર રહેલા ડેપ્યુટી સ્ટેશન સુપરિન્ટેન્ડન્ટ **(Dy SS)** ને આપી તથા મોબાઈલને સુરક્ષિત રીતે પોતાની પાસે રાખ્યો.

થોડીવાર બાદ સંબંધિત મુસાફર ફરી સ્ટેશન પર આવ્યા અને પોતાનો મોબાઈલ છૂટી જવાની માહિતી આપી. રેલવે સ્ટાફ દ્વારા સંપૂર્ણ સાવચેતી રાખીને મુસાફરની ઓળખની ક્રોસ વેરિફિકેશન કરવામાં આવી, જેમાં તેમના મોબાઈલ નંબર અને આધાર કાર્ડનું મિલાન કરવામાં આવ્યું.

ચકાસણી પૂર્ણ થયા બાદ બુકિંગ ક્લાર્ક શ્રી જયવીર સિંહ જાડેજા તથા ડ્યુટી પર રહેલા સ્ટેશન માસ્ટર શ્રી શ્રીકાંત કુમાર દ્વારા મુસાફરને તેમનો મોબાઈલ સુરક્ષિત રીતે પરત આપવામાં આવ્યો.

આ ઘટનાએ ફરી એકવાર ભારતીય રેલવેના કર્મચારીઓની ઈમાનદારી, સતર્કતા અને મુસાફર સેવા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવી છે. ભાવનગર મંડળના મંડલ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ કર્મચારીઓના આ સરાહનીય કાર્યની પ્રશંસા કરી અને મુસાફરોને સુરક્ષિત અને વિશ્વસનીય સેવા આપવા માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.



### રાજ્યપાલશ્રીએ એસટી બસમાં મુસાફરો સાથે આત્મીય સંવાદ કર્યો

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સુરતમાં કાળઝાળ ગરમી વચ્ચે એસ.ટી. બસમાં મુસાફરી કરી





ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી પોતાની સાદગી અને જન સંવેદના માટે જાણીતા છે. આ જ શ્રેણીમાં, ફરી એકવાર તેઓ લોકભવનની સુખ સુવિધાઓ છોડીને સીધા જનતાની વચ્ચે પહોંચ્યા હતા. રાજ્યપાલશ્રીએ સુરતના અડાજણ બસ સ્ટેન્ડથી ઓલપાડ તાલુકાના જીણોદ ગામ સુધીની યાત્રા ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (એસ.ટી.)ની સાધારણ બસમાં બેસીને કરી હતી.

આ યાત્રાની સૌથી વિશેષ વાત એ રહી કે રાજ્યપાલશ્રીએ પ્રોટોકોલ અને વિશિષ્ટ સુવિધાઓને બાજુ પર રાખીને, એક સામાન્ય નાગરિકની મુસાફરી કરી જાતે પોતાની ટિકિટ લઈ ડિજિટલ પેમેન્ટ દ્વારા ચુકવણી કરીને ડિજિટલ વ્યવહારોને પ્રોત્સાહન આપ્યું હતું. મે મહિનાની કાળઝાળ ગરમીમાં, જ્યાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો છે, ત્યારે રાજ્યપાલશ્રી દ્વારા આ સાદગીપૂર્ણ પ્રવાસ શાસન પ્રત્યે જનતાના વિશ્વાસને વધુ મજબૂત કરે છે.

સફર દરમિયાન રાજ્યપાલશ્રીએ બસમાં સવાર અન્ય મુસાફરો સાથે અત્યંત આત્મીય અને આદરપૂર્ણ સંવાદ કર્યો હતો. તેમણે મુસાફરોને તેમના ખબર અંતર પૂછ્યા, તેમની સમસ્યાઓને સમજી અને સરકારી પરિવહન સેવાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો. મુસાફરો માટે પણ આ એક સુખદ અને આશ્ચર્યજનક ક્ષણ હતી કે તેમની વચ્ચે રાજ્યના પ્રથમ નાગરિક એક સામાન્ય મુસાફરની જેમ બેઠા છે. આ અગાઉ પણ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી ઘણી વખત એસ.ટી. બસમાં મુસાફરી કરી ચૂક્યા છે. કાળઝાળ ગરમી વચ્ચે રાજ્યપાલશ્રીની આ યાત્રા તેમના જીવન મૂલ્યો, પ્રભાવી જનસંપર્ક અને જાહેર સેવાઓ પ્રત્યે તેમની નિષ્ઠાને પ્રતિબિંબિત કરે છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દર અઠવાડિયે ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત કોઈ એક તાલુકામાં જઈને ગામની એક એકર જમીન પર ગ્રામજનો સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ વૃક્ષારોપણ કરે છે. ત્યારબાદ ગામમાં ગ્રામજનો સાથે પોતે હાથમાં ઝાડું લઈને સફાઈ કરે છે. પછી ગામના કોઈ અનુસૂચિત જાતિ-જનજાતિ પરિવારના ઘરે રાત્રિ ભોજન ગ્રહણ કરે છે. રાત્રિ સભામાં ગ્રામજનો સાથે શિક્ષણ, સંસ્કાર, વ્યસનમુક્તિ, આરોગ્ય, પશુપાલન, પર્યાવરણ સંરક્ષણ, સામાજિક સમરસતા, પ્રાકૃતિક ખેતી વગેરે વિષયો પર ગોષ્ઠિ થાય છે. આ પ્રવાસ દરમિયાન રાજ્યપાલશ્રી કોઈ સુવિધાયુક્ત ભવનને બદલે ગામની સરકારી શાળાના સામાન્ય કક્ષમાં રાત્રિ વિશ્રામ કરે છે. વહેલી સવારે શાળાના બાળકો સાથે યોગ-પ્રાણાયામ કરે છે. ત્યારબાદ પ્રાકૃતિક ખેતી કરતા કોઈ ખેડૂતના ખેતરની મુલાકાત લે છે અને અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પર માર્ગદર્શન આપે છે. ખેડૂતના ખેતરમાં ગાયનું દૂધ દોહન પણ કરે છે. આ કાર્યક્રમના અંતિમ તબક્કામાં સમગ્ર તાલુકામાંથી આવેલા ખેડૂતો સાથે પ્રાકૃતિક ખેતીના વિષય પર સંવાદ કરે છે.

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ-સુરતમાં રૂ.૩.૫૩ લાખ કરોડના ૨૭૯૨ એમ.ઓ.યુ. થયાઃ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

સુરતની ઓરો યુનિવર્સિટીમાં તા.૧ અને ૨ મે દરમિયાન આયોજિત બે દિવસીય 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ-દક્ષિણ ગુજરાત'નું આજે સમાપન થયું. આ કોન્ફરન્સ દરમિયાન રૂ.૩,૫૩,૩૦૬ લાખ કરોડના ૨૭૯૨ એમ.ઓ.યુ. થયા હોવાની જાહેરાત નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ કરી હતી.







આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી જે.પી. નડ્ડાએ સમાપન સત્રમાં જણાવ્યું હતું કે, આ કોન્ફરન્સ દ્વારા દક્ષિણ ગુજરાતના વિકાસ માટે જે પાયો નંખાયો છે, તેનાથી આ પરિક્ષેત્ર આગામી સમયમાં મોટી આર્થિક છલાંગ લગાવવા તૈયાર થયો છે એમ જણાવી શ્રી નડ્ડાએ ગુજરાતની આર્થિક તાકાતને બિરદાવતા ઉમેર્યું કે, ગુજરાત દેશની કુલ જીડીપીમાં ૮% ફાળો આપે છે. મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં ૧૭%, મર્ચેન્ડાઈઝ એક્સપોર્ટમાં ૨૭% અને દેશના કુલ કાર્ગો હેન્ડલિંગમાં ગુજરાત ૪૦% હિસ્સો ધરાવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે માત્ર આર્થિક પ્રગતિ જ નથી કરી, પરંતુ સ્વબળે વિશ્વના એક સ્પર્ધાત્મક અને કનેક્ટેડ ઈકોનોમિક એન્જિન તરીકે પ્રસ્થાપિત કરી છે.

નીતિ નિર્ધારકો હકારાત્મક નીતિઓથી મોટા બદલાવ લાવી શકે છે તેનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે, અગાઉ ઉદ્યોગપતિઓ અને સરકાર વચ્ચે અંતર હતું, પરંતુ ૨૦૦૩માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વાઈબ્રન્ટ ગુજરાત'ની શરૂઆત કરીને ઉદ્યોગપતિઓ સાથે સંવાદ અને સહયોગની જે સંસ્કૃતિ વિકસાવી, તે આજે દેશના અન્ય રાજ્યો માટે પણ અનુકરણીય મોડેલ બની છે. આવા પ્રયાસોને કારણે જ આજે ભારત વિશ્વમાં રોકાણ માટે સૌથી વિશ્વસનીય સ્થાન બન્યું છે.

દક્ષિણ ગુજરાતના સેક્ટરલ સ્ટ્રેન્થની ભૂમિકા આપતા શ્રી નડ્ડાએ કહ્યું કે, સુરતના ડાયમંડ અને ટેક્સટાઈલ ઉદ્યોગથી લઈને ભરૂચ-દહેજ-અંકલેશ્વરના કેમિકલ અને ફર્ટિલાઈઝર ઉદ્યોગો વૈશ્વિક હબ બન્યા છે. હવે ટેક્સટાઈલની સાથે ગાર્મેન્ટિંગ ઉદ્યોગને ટ્રાઈબલ વિસ્તારો સાથે જોડીને વિકાસના નવા દ્વારા ખોલવામાં આવી રહ્યા છે, જે સ્થાનિક ક્ષેત્ર અને રાજ્ય સરકારની મોટી જીત ગણાશે.

વૈશ્વિક અનિશ્ચિતતાઓના સમયમાં આત્મનિર્ભર બનવા અને મેન્યુફેક્ચરિંગ ક્ષમતા વધારવા પર ભાર મૂકતા શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે, આફતને અવસરમાં બદલીને ગુજરાત જે રીતે સ્ટેચ્યુ ઓફ યુનિટી, ગિફ્ટ સિટી અને હાઈ-સ્પીડ રેલ જેવા પ્રોજેક્ટ્સ દ્વારા આગળ વધી રહ્યું છે, તે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં પાયારૂપ બનશે એમ જણાવી **VGRC** ના આયોજન બદલ રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યા હતા.

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' દક્ષિણ ગુજરાતની ક્ષમતાને દેશ અને દુનિયા સમક્ષ ઉજાગર કરનાર મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની છે. દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રના સર્વાંગી વિકાસ અને રોજગારી સર્જન માટે આ બે દિવસીય કોન્ફરન્સ ઐતિહાસિક સાબિત થઈ છે. આગામી ત્રણ વર્ષમાં **MoU** મુજબ પ્રોજેક્ટ્સ કાર્યરત થવાથી દક્ષિણ ગુજરાતના ૨.૮૨ લાખથી વધુ યુવાનોને પ્રત્યક્ષ રોજગારી પ્રાપ્ત થશે.

શ્રી સંઘવીએ ગૌરવપૂર્વક જણાવ્યું કે, વર્ષ ૨૦૦૩ માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની ઔદ્યોગિક શક્તિને વિશ્વ સમક્ષ મૂકવા 'વાઈબ્રન્ટ ગુજરાત'નો જે વિચાર વહેતો કર્યો હતો, તેના ફળસ્વરૂપે રાજ્યની જીડીપી ૧.૨૯ લાખ કરોડથી વધીને આજે ૨૭.૦૯ લાખ કરોડ સુધી પહોંચી છે. છેલ્લા ૨૪ વર્ષની આ મક્કમ વિકાસયાત્રામાં 'ટીમ ગુજરાત' અને રાજ્યના વેપારીઓએ અનેક મુશ્કેલીઓ છતાં ક્યારેય પીછેહઠ કરી નથી.

મોંઘવારીનો માર, કન્યા (જનતા)ની કેડે ભાર??

# કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં વિક્રમી વધારો થતા હોટલો, રેસ્ટોરન્ટોના બજેટો ખોરવાયા

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશમાં એક જ દિવસમાં ૯૯૩/- રૂપિયાનો કોમર્શિયલ LPG ગેસ સિલિન્ડર ઉપર વધારો થતા દિલ્હીમાં એક સિલિન્ડરનો ભાવ રૂપિયા રૂા. ૩૦૭૧.૫૦થઈ ગયો છે. આમ સતત ત્રીજા મહિને ભારે ભાવ વધારો કરાયો હોવાથી ખાણીપીણીની હોટલો, ઢાબા અને નાના ધંધાર્થીઓ ઉપર આની જોરદાર અસર થવાની એ નિશ્ચિત છે. આને કારણે ચા ના સ્ટોલ ,બેકરી અને મીઠાઈની દુકાનો જેવા નાના વ્યવસાયો પર તો અસર પડશે જ સાથે ઘરના ખર્ચ પર પણ અસર પડશે. અને આ તમારી થાળીને પણ અસર કરશે. ગેસ પર પહેલો હુમલો ,પેટ્રોલ-ડીઝલ પર આગામી હુમલો થશે. એટલું જ નહીં સરકારે ૫ કિલોગ્રામ ના નાના LPG સિલિન્ડરના ભાવમાં પણ રૂપિયા ૨૬૧ નો વધારો કર્યો છે. નાના સિલિન્ડર પર વધેલા દરોની સીધી અસર ગરીબ અને મજૂર વર્ગ પર પડે છે. જો કે ઘરેલુ LPG, પેટ્રોલ, ડીઝલ અને કેરોસીનના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી.

તેલ કંપનીઓ (ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ) એ શુક્રવારે આ ભાવ સુધારાની જાહેરાત કરી હતી. આ વધારો ફક્ત કોમર્શિયલ એલપીજી સિલિન્ડર અને પાંચ કિલોગ્રામ સિલિન્ડર પર લાગુ થશે. ઘરેલુ એલપીજી (સબસીડીવાળા ૧૪.૨ કિલોગ્રામ સિલિન્ડર) ના ભાવ સંપૂર્ણપણે સ્થિર રહેશે.

પશ્ચિમ એશિયામાં વધતાં તણાવ વચ્ચે થયેલા ભાવ વધારાને કારણે રેસ્ટોરન્ટ, કેટરર્સ અને નાના વ્યવસાયોના માર્જિનમાં ઘટાડો થવાની ધારણા છે. જેમાંથી ઘણા દૈનિક કામગીરી માટે કોમર્શિયલ LPG પર આધાર રાખે છે.

મુંબઈ અને કોલકાતા જેવા અનેક મહાનગરોમાં છેલ્લા કેટલાક સમયથી ઊંચા ભાડા અને વધતા વેતનને કારણે રેસ્ટોરન્ટ સંચાલિત માર્જિન દબાણ હેઠળ છે જેમાં માર્જિનમાં ઘટાડો થતાં હોટલ માલિકોએ ભાવરેખા જાળવી રાખવા પ્રયાસ કરવો પડશે. જેથી તે ગ્રાહકોના અસર કરી શકે નહીં.

# શિક્ષણનું ખાનગીકરણ એટલે રૂપિયા કમાવાની ટંકશાળ??

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાત સહિત દેશભરમાં જે રીતે શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણ થયું છે એણે તો ગુજરાતની મહાજન સંસ્કૃતિને જ ખતમ કરી નાંખી છે. એક જમાનો હતો કે જયારે ઉદ્યોગપતિઓ પોતે કમાયેલા નફાનો ઉપયોગ સમાજના હિતમાં શિક્ષણ સંસ્થાઓ ખોલવા માટે કરતા. અમદાવાદ એજ્યુકેશન સોસાયટી અને ગુજરાત લૉ સોસાયટી એના જોરદાર ઉદાહરણો હતા. આજે નિરમા ના કરસનદાસ પટેલ કે મુકેશ અંબાણી એવી કોલેજ કે યુનિવર્સિટીઓ ખોલે છે કે જેમાંથી તેમને નફો જ મળે? એમને શિક્ષણમાંથી પણ નફો જોઈએ છે? આ ધંધો હવે નાના ઉદ્યોગપતિઓ પણ કરતા થયા છે અને તેથી ઠેર-ઠેર સેલ્ફ ફાઈનાન્સ કોલેજો અને યુનિવર્સિટીઓ હાટડીઓની જેમ ખુલી રહ્યા છે. સરકારે જાણે કે ઉચ્ચ શિક્ષણમાંથી હાથ જ ખંખેરી નાંખ્યા છે એમ જ કહેવાય ને?

અને વધારે ખરાબ બાબત તો એ છે કે સમાજની સેવા કરવા માટે જે ટ્રસ્ટોએ શાળાઓ અને કોલેજો સ્થાપી હતી એ ટ્રસ્ટો પણ હવે સેલ્ફ ફાઈનાન્સ સંસ્થાઓના રવાડે ચડયા છે. રાજ્ય સરકારે શિક્ષણના જે ખાનગીકરણને છૂટો દોર આપ્યો છે અને તેનું આ પરિણામ આવ્યું છે. સેમેસ્ટર સિસ્ટમ આવી પણ પૂરતા અધ્યાપકો અને બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી સરકારે થવા દીધી જ નહીં. એટલે ઈરાદાપૂર્વક રાજ્ય સરકારે ગ્રાન્ટેડ કોલેજોને મારી નાંખવાનો કારસો રચ્યો અને નવી ગ્રાન્ટેડ કોલેજો ઉભી થવા દીધી જ નહીં. ખાનગીકરણને આ રીતે લગભગ સંપૂર્ણ કરી નાંખ્યું. શિક્ષણ બેફામ પણે મોંઘુ થયુ છે. એનું કારણ રાજ્ય સરકારની નીતિ છે, એમાં કોઈ શંકા નથી. ગુજરાત સરકાર નરેન્દ્ર મોદીના ફોટા સાથે છાપાઓમાં જાહેર ખબરો આપીને એવો દાવો કરે છે કે ૨૦૦૧ માં ૧૫ યુનિવર્સિટીઓ ગુજરાતમાં હતી અને આજે ૪૫ યુનિવર્સિટીઓ છે.પણ પ્રશ્ન એ છે કે આ યુનિવર્સિટીઓમાં કેટલી ફી છે અને કેમ છે? એને માટે જવાબદાર કોણ છે? યુનિવર્સિટીઓની સંખ્યા મહત્વની નથી. પણ વિદ્યાર્થીઓને સારા અધ્યાપકો સારૂ શિક્ષણ આપે એ જરૂરી છે.

# વડોદરાના ગોત્રી હોસ્પીટલની મોટી બેદરકારી બહાર આવી: એક દર્દીને અન્ય દર્દીના બ્લડ ગૃપની બોટલ ચઢાવી હોવાનો વિડીયો વાયરલ

## તાત્કાલીક સારવાર અપાતા દર્દીનો જીવ બચ્યો : સમગ્ર મામલે તપાસ હાથ ધરાઈ





પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરાની ગોત્રી હોસ્પીટલમાં હજુ લાશ સળગવાનો મામલાની શાહી હજુ સુકાઈ નથી, ત્યાંજ વધુ એક વખત ચોંકાવનારી બેદરકારીનો બનાવ બનવા પામ્યો છે.

મળતી માહિતી મુજબ હોસ્પીટલમાં સારવાર લઈ રહેલા એક દર્દીને ભુલથી અન્ય દર્દીના બ્લડ ગૃપની બોટલ ચઢાવી દેવામાં આવી હતી. જેના કારણે હોસ્પીટલ તંત્ર સામે સવાલો ઉઠી રહ્યા છે. ઘટના દરમિયાન એક સાથે બે દર્દીઓ માટે લોહી મંગાવવામાં આવ્યુ હતું. આ દરમિયાન સ્ટાફની બેદરકારીને કારણે ખોટી બોટલ દર્દીને ચઢાવવામાં આવી, જો કે થોડા જ સમયમાં આ ભુલનો ખ્યાલ આવતા તાત્કાલીક પગલા લેવાયા અને બ્લડ ટ્રાન્સફયુઝન અટકાવી દેવામાં આવી, ડોકટરો દ્વારા તાત્કાલીક સારવાર આપવામા આવતા દર્દીનો જીવ બચી ગયો હોવાનુ જાણવા મળે છે. હાલ દર્દીની સ્થિતિ સ્થિર હોવાનુ હોસ્પીટલ સુત્રો દ્વારા જણાવાયુ છે.

આ ઘટનાને લઈને દર્દીના પરીવારજનોમાં રોષ ફેલાયો છે અને હોસ્પીટલ તંત્ર વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. વારંવાર આવી બેદરકારીના બનાવો બહાર આવતા આરોગ્ય સેવાઓની ગુણવત્તા પર પણ સવાલો ઉઠી રહ્યા છે. આ સમગ્ર મામલે હોસ્પીટલ તંત્ર દ્વારા આંતરીક તપાસ શરૂ કરવામાં આવી હોવાની માહિતી મળી રહી છે. પ્રાથમિક તબકકે જવાબદાર સ્ટાફ સામે કાર્યવાહી કરવામાં આવી છે. જયારે આરોગ્ય વિભાગ પણ આ ઘટનાને ગંભીરતાથી લઈ રીપોર્ટ માંગી શકે છે. નિષ્ણાંતોના મત મુજબ બ્લડ ટ્રાન્સફયુઝન જેવી સંવેદનશીલ પ્રક્રિયામાં પ્રોટોકોલનુ કડક પાલન જરૂરી છે. નહીતર આવી બેદરકારી જીવલેણ સાબિત થઈ શકે છે. સ્થાનિક સ્તરે પણ આ મુદ્દે ચર્ચા તેજ બની છે. અને દર્દી સુરક્ષા માટે વધુ કડક વ્યવસ્થા અમલમાં મુકવાની માંગ ઉઠી રહી છે.

# અમદાવાદ મહાનગરપાલિકામાં અમદાવાદવાસીઓએ પક્ષને નહી પરંતુ વ્યકિતગત ઉમેદવારોને જોઈને મત આપ્યો



પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં ફરી ભાજપ સત્તા પર આવ્યુ છે. પરંતુ ભાજપને ખાડીયા ગુમાવ્યા નો સૌથી મોટો ઝટકો લાગ્યો છે, જો કે આ વખતે અમદાવાદના પરીણામમાં નવુ જોવા મળ્યુ છે. પક્ષ કરતા વ્યકિતગત ઉમેદવારોને મતદારોએ વધુ પ્રાધાન્ય આપ્યુ હોય તેવુ તેમના પરીણામમાં દેખાયુ છે. પક્ષ જોઈને નહી પરંતુ વ્યકિતગત ઉમેદવારોના ચહેરા જોઈને મત આપવામાં આવ્યા છે. એક જ પેનલના ઉમેદવારો વચ્ચે હજારો મતનુ અંતર વાતને સાબિત કરે છે.

શહેરી મતદારોનો મિજાજ હંમેશા ભાજપ તરફી રહ્યો છે. ભાજપ હંમેશા એવુ કહે છે કે, ઉમેદવાર નહી, ભાજપને વોટ મળે છે, પરંતુ અમદાવાદ મહાનગરપાલિકાનુ પરીણામ નવા સંકેતો તરફ ઈશારો કરે છે, અમદાવાદ મહાનગરપાલિકામાં લોકોએ પક્ષ કરતા વ્યકિતગત ઉમેદવારો પર વધુ મદાર રાખ્યો છે. જે ઉમેદવારો પર મતદારોને ભરોસો નથી, અથવા તેઓ મતદારોનો વિશ્વાસ કેળવી શકયા નથી, તેઓને મત મળ્યા નથી, પેનલમાં મળેલી અસમાનતા પરથી આ કહી શકાય, રામોલ-હાથીજણ વોર્ડ માં મૌલિક પટેલને ૨૬,૨૭૬ મત મળ્યા, જયારે સોનલ રબારીને ૨૧,૬૯૬ મત મળતા બંને વચ્ચે ૪,૫૮૦ મતનો તફાવત નોંધાયો હતો.

તે જ પ્રમાણે નવા વાડજમાં અનિતા પટેલ ૨૬,૮૨૮ અને વિરાટ પુરોહિત ૨૨,૬૪૩ વચ્ચે ૪,૧૮૫ મતનુ અંતર જોવા મળ્યું, સરખેજમાં જેઠી ડાંગરને ૨૭,૭૫૫ મત મળ્યા છે. તો હેમા શાહ ને ૨૩,૮૭૦ મત મળ્યા છે, બંને વચ્ચે મતનુ અંતર ૩,૮૮૫ છે, ગોતા માં કેતન પટેલને ૨૮,૩૯૧ મત મળ્યા છે, તો હિના પટેલે ૨૪,૭૬૧ મત મળ્યા છે, બંને વચ્ચે મતનુ અંતર ૩,૬૩૦ છે, નિકોલમાં દિપક પંચાલને ૩૮,૫૮૦ મત મળ્યા છે, તો વિલાસ દેસાઈને ૩૫,૦૯૧ મત મળ્યા છે, બંને વચ્ચે મતનુ અંતર ૩,૪૮૯ છે, ચાંદલોડીયામાં નંદુભાઈ પટેલને ૨૮,૯૯૦ મત મળ્યા છે, તો રાજેશ્રી પટેલને ૨૫,૫૦૮ મત મળ્યા છે, નરોડામાં ડો. ચંદા પટેલને ૨૮,૩૫૯ મત મળ્યા છે. તો દિવ્યા ખાખીને ૨૪,૮૯૭ મત મળ્યા છે, ઠકકરબાપાનગરમાં જયેશ પટેલને ૨૨,૪૪૪ મત મળ્યા છે, તો સામે રૂપા દેવી જાદવ ને ૧૯૦૮૮ મત મળ્યા છે.

અમદાવાદના પરીણામ પર નજર કરીએ તો એક જ પેનલના ઉમેદવારો વચ્ચે મતનુ અંતર મોટુ છે, પરીણામમાં જાતિગત અને વ્યકિતગત સંબંધોની અસર જોવા મળી છે. અમદાવાદમાં વાસણા, સાબરમતી, રાણીપ અને ઈન્દ્રપુરી જેવા વોર્ડમાં ઉમેદવારોના મતનુ અંતર ૩ હજારની આસપાસ છે. જે બતાવે છે કે ઉમેદવારોની વ્યકિતગત છબી વધુ કામ કરી ગઈ છે. લોકો તેમના ઉમેદવારને કેટલા ઓળખે છે તે સમીકરણો પર પણ જોવામાં આવ્યા છે. એક જ પક્ષના ઉમેદવારો વચ્ચે નોધપાત્ર મત ફેર જોવા મળ્યા છે. તો બીજી તરફ સૈજપુર બોઘા, નરોડા, ઠકકરબાપાનગર તથા ચાંદલોડીયામાં પણ એક જ પક્ષના ઉમેદવારો વચ્ચે મતનુ અંતર ૩ હજારની આસપાસનુ છે. અમદાવાદમાં ફરી ભાજપ સત્તા પર આવ્યુ છે. પરંતુ ભાજપને ખાડીયા ગુમાવ્યાનો સૌથી મોટો ઝટકો લાગ્યો છે. જો કે આ વખતે અમદાવાદના પરીણામમાં નવુ જોવા મળ્યુ છે.

# અમદાવાદ- વડોદરા એકસપ્રેસ હાઈવે પર લોહીયાળ અકસ્માત: એસટી બસ પાછળ કાર ઘુસી જતા સુરત એસઓજી ના કોન્સ્ટેબલનુ કરૂણ મોત



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વડોદરા નજીક અમદાવાદ - વડોદરા એકસપ્રેસ હાઈવે પર આજે શનિવારે સવારે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો હતો. અમદાવાદ થી ફરજ બજાવી પરત ફરી રહેલા સુરત સ્પેશ્યલ ઓપરેશન ગૃપ (એસઓજી) ના પોલીસ કોન્સ્ટેબલની કાર આગળ જતી એસટી બસ પાછળ ધડાકાભેર ઘુસી જતા ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજયુ હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

મળતી માહિતી અનુસાર સુરત ખાતે રહેતા અને એસઓજી શાખામાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ ભરતભાઈ દેસાઈ કોઈ સરકારી કે અંગત કામ અર્થે અમદાવાદ ગયા હતા. કામ પતાવીને તેઓ પોતાની ખાનગી કારણમાં એકસપ્રેસ હાઈવે માર્ગે સુરત પરત ફરી રહ્યા હતા, પાદરા નજીક પહોચતા, તેમની કારની આગળ ચાલી રહેલી એસટી બસના ચાલકે અચાનક જ રૂટ બદલતા અથવા વળાંક લેતા પાછળ આવી રહેલી કાર સીધી જ બસના પાછળના ભાગે અથડાઈ હતી. આ ગંભીર દુર્ઘટનામાં કારનો આગળનો ભાગ બસની નીચેના ભાગમાં ફસાઈ ગયો હતો. ભરતભાઈ કાર માં જ ગંભીર રીતે ફસાઈ ગયા હતા અને તેમને માથા તેમજ શરીરના ભાગે જીવલેણ ઈજાઓ પહોચી હતી. સ્થાનિક લોકો અને વાહન ચાલકો મદદે દોડી આવ્યા હતા. પરંતુ ત્યાં સુધીમાં તો ભરતભાઈએ અંતિમ શ્વાસ લઈ લીધા હતા. આ અકસ્માતને પગલે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી હતી અને ટ્રાફીકજામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતા જ પાદરા પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. કારમાં ફસાયેલા મૃતદેહને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. આખરે મશીનરી અને ક્રેનની મદદથી કારનુ પતરૂ કાપીને ભરતભાઈના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પાદરાની સીએચસી હોસ્પીટલ ખાતે ખસેડાયો હતો. ફરજ પરના બાહોશ કોન્સ્ટેબલના અકાળે અવસાનના સમાચાર સુરત પોલીસ વિભાગમાં વાયુવેગે ફેલાતા જ સાથી કર્મચારીઓ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. પાદરા પોલીસે અકસ્માતનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે અને સુરત સ્થિત તેમના પરીવારજનોને જાણ કરવામાં આવતા પરીવારમાં આક્રંદ છવાઈ ગયો હતો.

# કોંગ્રેસે પરાજયનુ પોસ્ટમોર્ટમ કર્યુ શરૂ : અમિત ચાવડા પાસેથી રાજીનામુ લેવાઈ શકે છે ?




પ્રતિનિધિ,ગાંધીનગર

મોટાભાગના સંગઠનના હોદ્દેદારોના રાજીનામા લઈ લેવાની કોંગ્રેસમાં ચાલતી ચર્ચા વિચારણા, આવનારી વિધાનસભાની ચુંટણીઓને લઈ તમામ નિર્ણયો લેવાશે તેવુ કોંગ્રેસના ટોચના સુત્રોએ જણાવ્યુ હતું.

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં કોંગ્રેસનો કારમો પરાજય થયો છે. દેશની સૌથી જુની રાજકીય પાર્ટી ગુજરાતમાં પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા રીતસર ઝઝુમી રહી છે.

આજે તારીખ ૨ મે થી કોંગ્રેસ દ્વારા પરાજયનુ પોસ્ટમોર્ટમ શરૂ કરવામાં આવ્યુ છે. જેમાં પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડા આજે તારીખ ૨ મે થી ઝોનવાઈઝ મહામંથન કરશે, દરેક ઝોનમાં આવતા જિલ્લા અને મહાનગરોના પ્રમુખ, વિરોધ પક્ષના નેતા, પ્રભારી અને નિરીક્ષકો પાસેથી પરાજયના કારણો જાણવામાં આવશે, વિધાનસભાની આગામી ચુંટણીમાં પક્ષને મજબુત બનાવવા માટે શુ કરી શકાય તેની પણ રૂપરેખા માંગવામાં આવશે. ખુબ જ કંગાળ પરીણામ આવ્યુ હોય તેવા પ્રમુખના રાજીનામા પણ લઈ લેવામાં આવશે, એક શકયતા એવી પણ છે કે અમિત ચાવડાને પણ પ્રદેશ પ્રમુખની જવાબદારીમાંથી મુકત કરી દેવામાં આવે, ગુજરાત વિધાનસભાની ચુંટણીના આડે હવે માત્ર દોઢ વરસનો સમય બાકી રહ્યો છે ત્યારે સત્તાના સેમીફાઈનલ સમા જંગ સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ભાજપનો શાનદાર વિજય થયો છે. જયારે કોંગ્રેસનુ પ્રદર્શન ખુબ જ કંગાળ રહ્યુ છે. આજે તારીખ ૨ મે થી પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાની અધ્યક્ષતામાં કોંગ્રેસ દ્વારા પરાજયનુ પોસ્ટમોર્ટમ શરૂ કરવામાં આવ્યુ છે. આજે દક્ષિણ ગુજરાતમાં આવતા જિલ્લા અને મહાનગરોના પ્રમુખ, વિરોધપક્ષના નેતા, પ્રભારી અને નિરીક્ષકોને રૂબરૂ બોલાવી પરાજયના સચોટ કારણો જાણવામાં આવશે, આવતી કાલે તારીખ ૩ મે ઉત્તર ગુજરાતનો વારો લેવામાં આવશે. જયારે સોમવારે મધ્ય ગુજરાતના હોદ્દેદારોને સાંભળવામાં આવશે, જયારે આગામી ૬ મે અને ૭ મે ના રોજ સૌરાષ્ટ્ર-કચ્છ ઝોનના હોદ્દેદારોને સાંભળવામાં આવશે.

જે જિલ્લા કે શહેરમાં પક્ષનુ પ્રદર્શન ખુબ જ કંગાળ રહ્યુ છે તેવા પ્રમુખ કે પ્રભારીની બેઠકમાં રાજીનામા લઈ લેવામાં આવશે, પરાજય માટેનુ કોઈ સચોટ કારણ આપવામાં નહી આવે અને માત્ર બહાના બાજી ચલાવવામાં આવશે તો તમામને ઘરભેગા કરી દેતા પણ કોંગ્રેસ અચકાશે નહી. એક શકયતા એવી પણ દેખાઈ રહી છે કે પ્રદેશ અધ્યક્ષપદેથી અમિત ચાવડાની પણ હકાલપટ્ટી કરવામાં આવશે. દરવખતે ચુંટણીમાં કોંગ્રેસ માટે પરીણામો સંતોષકારક રહેતા નથી. દરેક પરીણામ બાદ પરાજયનુ મહામંથન કરવામાં આવે છે. પરંતુ ફરી આવા પરીણામ ન મળે તે માટે કોઈ ફુલપ્રુફ આયોજન કરવામાં આવતુ નથી. જેના કારણે પક્ષને પરાજયથી વિશેષ કશુ પ્રાપ્ત થતુ નથી. ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીના આડે હવે માત્ર દોઢ વરસનો સમય બાકી રહ્યો છે ત્યારે જો કોંગ્રેસ હવે સંગઠનને મજબુત કરવા માટે ગંભીરતા નહી દાખવે તો ગુજરાતમાંથી કોંગ્રેસ માત્ર નામ પુરતી રહી જશે. દિલ્હી દરબાર પણ દરેક ચુંટણી બાદ પ્રદેશ અધ્યક્ષ સહિત ટીમના રાજીનામા લઈ સંતોષ માની લે છે, કોઈ લાંબાગાળાનુ પ્લાનીંગ કરવામાં આવતુ નથી, જેના કારણે કોંગ્રેસની સ્થિતિ દિન પ્રતિદિન કથળી રહી છે.

# ટીકીટ ન મળે તો ભાજપ કાર્યકર્તાઓને નિરાશ થવુ નહી: ટીકીટની માંગણી પર સી આર પાટીલે આપ્યો કડક સંદેશ




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ પ્રમુખ અને નવસારીના લોકપ્રિય સાંસદ સી આર પાટીલે નવસારીમાં ભારતીય જનતા પાર્ટીની ભવ્ય જીત બાદ કાર્યકર્તાઓને સંબોધીત કરતા એક અત્યંત સ્પષ્ટ અને મજબુત સંદેશ પાઠવ્યો હતો. અભિવાદન સમારોહમાં પહોચેલા પાટીલે પક્ષના કાર્યકર્તાઓને પક્ષ નિષ્ઠા, શિસ્ત અને ટીકીટની માંગણીઓ અંગે કેટલીક ગહન વાતો સમજાવી હતી. પાટીલે ભારપૂર્વક જણાવ્યુ હતુ કે દરેક કાર્યકર્તાને ટીકીટ માંગવાનો સંપૂર્ણ લોકશાહી અધિકાર છે.

આ તેમની મહેનત અને સમર્પણ નો હિસ્સો છે. જો કે તેમણે આ હક્ક સાથે સંકળાયેલી જવાબદારીઓ પર પણ પ્રકાશ પાડયો હતો. તેમણે સ્પષ્ટપણે કહ્યુ હતુ કે જો કોઈ કાર્યકર્તાને ટીકીટ ન મળે તો તેને પક્ષનો વિરોધ કરવાનો કે નારાજ થવાનો કોઈ અધિકાર નથી. પક્ષના નિર્ણયને સ્વીકારીને કાર્યકર્તાએ પોતાની ફરજ અદા કરવાનુ ચાલુ રાખવુ જોઈએ. સી આર પાટીલે આ મુદ્દે એક મહત્વપૂર્ણ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે તમને ટીકીટ ન મળી અને કામ ન કરો તે ન ચાલે, જયારે તમને ટીકીટ મળશે ત્યારે કોણ કામ કરશે? આ પ્રશ્ન દ્વારા તેમણે કાર્યકર્તાઓને પરસ્પર સહયોગ અને નિર્પેક્ષ ભાવનાથી પક્ષ માટે કામ કરવા પ્રેરીત કર્યા હતા. તેમણે સમજાવ્યુ હતુ કે જો દરેક વ્યકિત માત્ર પોતાના સ્વાર્થ માટે કામ કરશે તો પક્ષની સામુહિક શકિત નબળી પડશે. ટીકીટ મળે કે ન મળે, પક્ષ માટે કામ કરવુ એ દરેક કાર્યકર્તાની નૈતિક ફરજ છે.

આ ઉપરાંત તેમણે પક્ષમાં આંતરીક વિખવાદ કે નુકશાન પહોચાડવાના પ્રયાસો સામે કડક ચેતવણી ઉચ્ચારી હતી. પાટીલે વધુમાં કહ્યુ હતુ કે પક્ષથી નારાજ થઈને પાર્ટીને નુકશાન પહોચાડવાનો પ્રયત્ન ન કરવો જોઈએ, તેમણે પોતાના ભાષણમાં એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે પાર્ટીને નુકશાન પહોચાડનારા લોકોને ઠેકાણે પાડવાની પણ તાકાત હોવાની વાત તેમણે કરી હતી. આ નિવેદન પક્ષમાં શિસ્ત અને એકતા જાળવવા માટેની તેમની પ્રતિબધ્ધતા દર્શાવે છે. પાટીલે આ તકે માત્ર કાર્યકર્તાઓને જ નહી, પરંતુ જીતેલા ઉમેદવારોને પણ મહત્વપૂર્ણ સલાહ આપી હતી. તેમણે સ્પષ્ટપણે કહ્યુ હતુ કે આ જીત ઉમેદવારને આપ બળે નથી મળી, પરંતુ કાર્યકર્તાઓના અથાગ પ્રયત્ન અને મહેનતથી જ મળી છે. આ વાત દ્વારા તેમણે વિજેતા ઉમેદવારોને નમ્રતા જાળવવા અને પાયાના કાર્યકર્તાઓના યોગદાનને કયારેય ન ભુલવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. એકંદરે, સીઆર પાટીલનો આ સંદેશ નવસારીમાં ભાજપની જીત બાદ પક્ષમાં શિસ્ત, નિષ્ઠા અને સામુહિક ભાવના જાળવવા માટેનો એક માર્ગદર્શક સિધ્ધાંત બની રહ્યો.

# ભરૂચના જંબુસરમાં ભાજપના પરાજીત ઉમેદવાર અને તેના પિતા વિરૂધ્ધ ગુન્હો દાખલ કરાયો: તલવાર સાથે ધમકી આપવાનો આરોપ

## સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં પરાજય પચાવી ન શકનાર ભાજપના ઉમેદવાર પર તલવાર સાથે ધમકી આપવાનો લાગ્યો છે આરોપ



પ્રતિનિધિ,ગાંધીનગર

કાવી પોલીસ દ્વારા મળેલી માહિતી મુજબ પરાજીત ઉમેદવાર શકીલ ખાલીદ અહેમદ અને તેમના પિતા ખાલીદ અહેમદ મલેક વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે બંને પાસેથી બે તલવાર કબ્જે કરી હોવાનુ જાણવા મળ્યુ છે. આરોપ મુજબ ચુંટણીના પરીણામો બાદ આરોપીઓએ તલવાર સાથે ધમકીભર્યો વિડીયો બનાવી સોશીયલ મીડીયામાં વાયરલ કર્યો હતો, જેના કારણે સ્થાનિક મતદારોમાં ભયનુ વાતાવરણ સર્જાયુ હોવાનુ કહેવામાં આવે છે, આ મામલે શકીલ મલેકે પોતાના બચાવમાં જણાવ્યુ હતુ કે તેમણે માત્ર રીલ બનાવવા માટે તલવાર સાથે વિડીયો બનાવ્યો હતો અને કોઈને ધમકી આપવાનો ઈરાદો ન હતો,